

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 118
Dt.: 04-03-2026,
Wednesday
Page:04
Rs.00.50 paisa

### ઈરાની સૈન્યની સ્પષ્ટ ચેતવણી

# સ્ટ્રેટ ઓફ હોર્મુઝ બંધ... કોઈ પણ જહાજ પસાર થશે તો આગ લગાવી દઈશું

## પર્સિયન ગલ્ફને વૈશ્વિક બજારો સાથે જોડતા આ માર્ગના બંધ થવાથી ક્રૂડ ઓઈલના ભાવમાં તીવ્ર વધારો થવાની સંભાવના છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકા અને ઈઝરાયલ સાથે ચાલી રહેલા લશ્કરી સંઘર્ષ અને મધ્ય પૂર્વમાં વધતા તણાવ વચ્ચે ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સ (IRGC) એ સોમવારે વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ હોર્મુઝ સ્ટ્રેટને સંપૂર્ણ રીતે બંધ કરવાની જાહેરાત કરી હતી. સૈન્યએ ચેતવણી આપી હતી કે સ્ટ્રેટ પાર કરવાનો પ્રયાસ કરનાર કોઈપણ જહાજમાં આગ લગાવી દેવામાં આવશે. IRGCના આ નિર્ણયથી મધ્ય પૂર્વમાં તણાવ વધુ વધ્યો છે અને વૈશ્વિક યુદ્ધનું જોખમ વધ્યું છે. ઈરાનના સરકારી મીડિયા અનુસાર, IRGC કમાન્ડર-ઈન-ચીફના વરિષ્ઠ સલાહકાર બ્રિગેડિયર જનરલ સરદાર ઈબ્રાહિમ જબારીએ સોમવારે સ્ટ્રેટ બંધ કરવાની જાહેરાત કરી હતી. ઈરાની સૈન્યએ સ્પષ્ટ ચેતવણી આપી હતી કે સ્ટ્રેટમાંથી પસાર થતા કોઈપણ જહાજને આગ લગાવી દેવામાં આવશે.જબારીએ કહ્યું હતું કે, “હોર્મુઝ સ્ટ્રેટ બંધ છે. જો કોઈ તેને પાર કરવાનો પ્રયાસ કરશે તો અમારા ગાર્ડ્સ અને નૌકાદળના કર્મચારીઓ તે જહાજોને આગ લગાવી દેશે.”હોર્મુઝ સ્ટ્રેટ વિશ્વના સૌથી મહત્વપૂર્ણ ઉર્જા કેન્દ્રોમાંનું એક છે, જે વૈશ્વિક તેલ વપરાશનો લગભગ પાંચમો ભાગ તે માર્ગથી સપ્લાય થાય છે અને પર્સિયન ગલ્ફને ઓમાનના અખાત સાથે જોડે છે. સાઉદી અરેબિયા, કુવૈત, ઈરાક, કતાર, બહેરીન અને યુએઈમાંથી તેલ અને ગેસ આ સાંકડા સામુદ્રધુની દ્વારા આંતરરાષ્ટ્રીય બજારોમાં પહોંચે છે. આ પુરવઠો મોટાભાગનો એશિયન



દેશોમાં જાય છે, જેમાં ચીનનો પણ સમાવેશ થાય છે. યુએસ એનર્જી ઈન્ફર્મેશન એડમિનિસ્ટ્રેશનના જણાવ્યા અનુસાર, સાઉદી અરેબિયા અને યુએઈ પાસે વૈકલ્પિક પાઈપલાઈન માર્ગો હોવા છતાં હોર્મુઝની સામુદ્રધુનીમાંથી પસાર થતા મોટાભાગના ઉર્જા ભંડારો પાસે આ પ્રદેશમાંથી બહાર નીકળવાનો કોઈ યોગ્ય વિકલ્પ નથી.પર્સિયન ગલ્ફને વૈશ્વિક બજારો સાથે જોડતા આ માર્ગના બંધ થવાથી ક્રૂડ ઓઈલના ભાવમાં તીવ્ર વધારો થવાની સંભાવના છે. ઈરાને અગાઉ તણાવ દરમિયાન સ્ટ્રેટ ઓફ હોર્મુઝ બંધ કરવાની ધમકી આપી હતી. જો કે, તે એક આંતરરાષ્ટ્રીય જળમાર્ગ છે, જ્યાં વાણિજ્યિક જહાજોને પરિવહનનો અધિકાર છે. ઈરાન અને ઓમાન તેના પ્રાદેશિક પાણીને નિયંત્રિત કરે છે. અગાઉ, ફેબ્રુઆરીમાં ઈરાને લશ્કરી કવાયતો દરમિયાન ટ્રાફિકને આંશિક રીતે પ્રતિબંધિત કર્યો હતો, જેના કારણે તેલના ભાવમાં 6 ટકાનો વધારો થયો હતો. સંપૂર્ણ નાકાબંધીની આ જાહેરાત 1980ના દાયકાના “ટેન્કર યુદ્ધ” પછી પહેલી વાર થઈ છે.ખામેનીના મૃત્યુ પછી ફાટી નીકળેલી આગ પહેલાથી જ નાણાકીય બજારોને કટોકટીમાં ધકેલી ચૂકી છે. જો આ માર્ગ લાંબા સમય સુધી બંધ રહેશે તો વિશ્વભરમાં ઈંધણની તીવ્ર અછત સર્જાઈ શકે છે. નિષ્ણાતો માને છે કે આ માર્ગમાં કોઈપણ વિક્ષેપ વૈશ્વિક અર્થતંત્ર માટે હાનિકારક સાબિત થઈ શકે છે. હાલમાં આંતરરાષ્ટ્રીય સમુદાય આ વ્યૂહાત્મક જળમાર્ગ પર નજીકથી નજર રાખી રહ્યું છે, કારણ કે ત્યાં કોઈપણ નાની લશ્કરી હિલચાલ મોટા યુદ્ધનું કારણ બની શકે છે.

---

### આ મામલે સુપ્રીમ કોર્ટે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાને નોટિસ આપી

# AI જનરેટેડ પુરાવાના આધારે ચુકાદો લખવો એ બિલકુલ ખોટું છેઃ સુપ્રીમ

## ગયા વર્ષે ઓગસ્ટમાં આંધ્રપ્રદેશની એક ટ્રાયલ કોર્ટે વિવાદિત મિલકતના કેસમાં એઆઈ દ્વારા નિર્મિત તસવીરના આધારે ચુકાદો આપ્યો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે સોમવારે આંધ્રપ્રદેશ હાઈકોર્ટના ચુકાદા વિરુદ્ધની એક અરજી પર સુનાવણી કરતા જણાવ્યું હતું કે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ(એઆઈ)ની મદદથી તૈયાર કરાયેલા પુરાવાઓના આધારે ચુકાદો લખવો એ એક ‘ખોટું કાર્ય’ છે. કોર્ટે ભારપૂર્વક કહ્યું કે આ કોઈ ભૂલથી થયેલું કામ નથી.જસ્ટિસ પી.એસ. નરસિમ્હા અને આલોક અરાધેની બેંચે જણાવ્યું કે તેઓ આના પરિણામો અને જવાબદારીની તપાસ કરવા માંગે છે, કારણ કે તેની સીધી અસર ન્યાયિક પ્રક્રિયાની પ્રમાણિકતા પર પડે છે. આ મામલે કોર્ટે એટર્ની જનરલ આર. વેંકટરમણી, સોલિસિટર જનરલ તુષાર મહેતા અને બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાને નોટિસ પાઠવી છે.ગયા વર્ષે ઓગસ્ટમાં



આંધ્રપ્રદેશની એક ટ્રાયલ કોર્ટે વિવાદિત મિલકતના કેસમાં એઆઈ દ્વારા નિર્મિત તસવીરના આધારે ચુકાદો આપ્યો હતો. આ ચુકાદા વિરુદ્ધ હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી હતી, પરંતુ આ વર્ષે જાન્યુઆરીમાં હાઈકોર્ટે પણ તે અરજી ફગાવી દીધી હતી. ત્યારબાદ આ મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો હતો. સુપ્રીમ કોર્ટે મહત્વની ટિપ્પણી કરીને કહ્યું કે, જો કોઈ ચુકાદાનો આધાર અસ્તિત્વમાં ન હોય તેવા અથવા નકલી પુરાવા હોય, તો તે માત્ર ભૂલ નથી પરંતુ ગંભીર ગેરવર્તણૂક છે. આવા કિસ્સામાં કાયદેસરની કાર્યવાહી થઈ શકે છે. ટ્રાયલ કોર્ટે મિલકતની સ્થિતિ તપાસવા માટે એડવોકેટ-કમિશનરની નિમણૂક કરી હતી, જેમના રિપોર્ટ પર અરજીકર્તાઓએ વાંધો ઉઠાવ્યો હતો.આ મામલો માત્ર ચુકાદાના પરિણામ પૂરતો મર્યાદિત નથી, પરંતુ ન્યાય આપવાની પ્રક્રિયા પર ગંભીર પ્રશ્નાર્થો ઊભા કરે છે. સુપ્રીમ કોર્ટ આ સ્પેશિયલ લીવ પિટિશન પર સુનાવણી માટે સહમત થઈ છે. કોર્ટે આદેશ આપ્યો છે કે જ્યાં સુધી આ પિટિશનનો નિકાલ ન આવે, ત્યાં સુધી ટ્રાયલ કોર્ટ એડવોકેટ-કમિશનરના રિપોર્ટના આધારે આગળ વધશે નહીં. આ મામલે હવે વધુ સુનાવણી ૧૦ માર્ચના રોજ થશે.

---

### ઈરાન ઓપરેશનમાં હથિયારોના ખાત્મો નક્કી, લોકશાહી સ્થાપવાની લડાઈ નથીઃ યુએસ

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

ઈરાન સામે ચાલી રહેલી સૈન્ય કાર્યવાહીને અમેરિકાએ અસિમિત સમયનું યુદ્ધ કહેવાના બદલે ઓપરેશન તરીકે ઓળખાવી છે. ઈરાનની મિસાઈલ, નેવી તથા અન્ય સિક્યુરિટી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નષ્ટ કરવાના ઉદ્દેશથી કાર્યવાહી શરૂ કરાઈ હોવાનું યુએસ ડિફેન્સ સેક્રેટરી પીટ હેગસેઠે કહ્યું હતું. પીટનાજણાવ્યા મુજબ, ઓપરેશન અંતર્ગત સ્પષ્ટતા સાથે નિર્ણાયક અને વિનાશક મિશન હાથ ધરાયું છે. ઈરાનની મિસાઈલ ધમકી, પરમાણુ જોખમ અને નૌકાદળનો ખાત્મો એક માત્ર લક્ષ્ય છે. રેજિમ ચેન્જ કરવાનો આ યુદ્ધનો હેતુ નથી, પરંતુ તેના પછી રેજિમ નક્કી છે અને વિશ્વ માટે પણ આ સારું છે.

પેન્ટાગોન ખાતે પ્રેસ કોન્ફરન્સમાં પીટે કહ્યુ હતું કે, અમેરિકી સૈન્ય ઈરાન પર સર્જિકલ હુમલા કરે છે. આ હુમલા સહેજ પણ દયા રાખ્યા વગરના અને અતિશય આક્રમક છે. ઈરાન સામેનું યુદ્ધ લોકશાહી દેશના નિર્માણ માટે નથી.

દેશના નિર્માણ માટેની કે રાજકીય હેતુ પાર પાડવાનો આ કાર્યવાહીનો હેતુ નથી.અમેરિકા માત્ર વિજય માટે લડે છે અને તેમાં સમય કે માનવજીવન બરબાદ કરવામાં નહીં આવે.

---

### વિદેશ નીતિ અને વ્યૂહનીતિ પર પ્રહાર

# ખામેનેઈના મોત અંગે મોદી સરકારના મૌન પર સોનિયા ગાંધીનો પ્રહાર

## સોનિયા ગાંધીએ આરોપ લગાવ્યો કે ભારત સરકારે ન તો આ હત્યાની નિંદા કરી છે અને ન તો ઈરાનની સંપ્રભુતાના ઉલ્લંઘન પર કોઈ સ્પષ્ટ પ્રતિક્રિયા આપી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કોંગ્રેસ સંસદીય દળના અધ્યક્ષ સોનિયા ગાંધીએ ઈરાનના સર્વોચ્ચ નેતા આયતુલ્લા અલી ખામેનેઈની ટાર્ગેટેડ હત્યાના મામલે મોદી સરકારની ચુપકીદી સામે આકરા પ્રહારો કર્યા છે. એક અખબારમાં લખેલા લેખમાં સોનિયા ગાંધીએ જણાવ્યું હતું કે, સરકારનું આ મૌન કોઈ તટસ્થતા નથી, પરંતુ જવાબદારીમાંથી પીછેહઠ છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે આ ઘટનાથી ભારતની વિદેશ નીતિની દિશા અને વિશ્વસનીયતા પર ગંભીર પ્રશ્નો ઉભા થયા છે. સોનિયા ગાંધીએ આ મામલે સંસદમાં તાત્કાલિક ચર્ચા કરવાની પણ માંગ કરી છે.સોનિયા ગાંધીએ આરોપ લગાવ્યો કે ભારત સરકારે ન તો આ હત્યાની નિંદા કરી છે અને ન તો ઈરાનની સંપ્રભુતાના ઉલ્લંઘન પર કોઈ સ્પષ્ટ પ્રતિક્રિયા આપી છે. તેમણે નોંધ્યું કે અમેરિકન પ્રમુખ અને ઈઝરાયલ દ્વારા કરાયેલા આ હુમલાઓ બાદ પીએમ મોદીએ શરૂઆતમાં માત્ર ઈરાન દ્વારા યુએઈ પર કરવામાં આવેલી જવાબી



કાર્યવાહીની જ ટીકા કરી હતી. સોનિયા ગાંધીના મતે, કોઈ પણ ઔપચારિક યુદ્ધની જાહેરાત વિના કોઈ રાષ્ટ્રાધ્યક્ષની હત્યા કરવી એ સંયુક્ત રાષ્ટ્રના ચાર્ટરનું ઉલ્લંઘન છે અને જો ભારત જેવો લોકશાહી દેશ આના પર વાંધો ન ઉઠાવે તો આંતરરાષ્ટ્રીય ધોરણો જોખમાશે.લેખમાં વધુમાં જણાવાયું છે કે આ હત્યાના માત્ર ૪૮ કલાક પહેલા જ વડાપ્રધાન મોદી ઈઝરાયલના પ્રવાસેથી પરત ફર્યા હતા, જ્યાં તેમણે નેતન્યાહૂ સરકાર પ્રત્યે પોતાનું સમર્થન જાહેર કર્યું હતું. સોનિયા ગાંધીએ આ વલણને ચિંતાજનક ગણાવતા કહ્યું કે જ્યારે બ્રિક્સ(BRICS)ના અન્ય ભાગીદાર દેશો આ મુદ્દે અંતર જાળવી રહ્યા છે, ત્યારે ભારતનું આ વલણ વિશ્વમાં ખોટો સંકેત આપી રહ્યું છે.

---

### અંક બંધ

૦૪-૦૩-૨૦૨૬ ધુળેટી પર્વ નિમિત્તે નવસર્જન સંસ્કૃતિ કાર્યાલયમાં રજા રહેશે. જેથી તા.૦૫-૦૩-૨૦૨૬ ગુરૂવારનો અંક પ્રકાશિત થશે નહિં. તા.૦૬-૦૩-૨૦૨૬ને શુક્રવારનો અંક રાબેતા મુજબ પ્રકાશિત થશે.

---

### અમે અફઘાનના ૪૦૦ લડવૈયાને ઠાર કર્યાઃ પાકિસ્તાનના સૈન્યનો દાવો

# અફઘાનિસ્તાને નૂરખાન એરબેઝ હુમલો કરતાં પાકિસ્તાનના ૩૫ જવાનોનાં મોત નીપજ્યાં

## તાલિબાનના જણાવ્યા મુજબ, પાકિસ્તાનના અન્ય મહત્વના સૈન્ય કમાન્ડ સેન્ટરોને પણ ભારે નુકસાન પહોંચ્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)કાબુલ

અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચે સરહદ પર છેલ્લા ચાર દિવસથી સતત હવાઈ હુમલા અને ગોળીબાર ચાલુ છે. આની વચ્ચે તાલિબાન સરકારનો દાવો છે કે તેણે પાકિસ્તાનના અત્યંત સંવેદનશીલ એવા રાવલપિંડી સ્થિત નૂર ખાન એરબેઝ પર હુમલો કર્યો છે અને પાક.ના ૩૫ જવાનોને મારી નાખ્યા છે.તાલિબાનના એક મંત્રીએ દાવો કર્યો છે કે તેમના લડાયકો ડ્યુરન્ડ લાઈન ઓળંગીને પાકિસ્તાની સરહદમાં પ્રવેશી ચૂક્યા છે. તાલિબાનના જણાવ્યા અનુસાર, ક્વેટા અને ખૈબર પખ્તુનખ્વાના સૈન્ય સ્થળો પર પણ હુમલા કરવામાં આવ્યા છે. આ હવાઈ હુમલાઓમાં ૩૫ પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા હોવાનો અને બે ડ્રોન તોડી પાડ્યા હોવાનો તાલિબાનનો દાવો છે. આ કાર્યવાહી પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા હવાઈ હુમલાના જવાબમાં કરવામાં આવી છે.અફઘાન સંરક્ષણ મંત્રાલયે સોશિયલ મીડિયા પર એક નિવેદન જાહેર કરીને જણાવ્યું કે, રાવલપિંડીના નૂર ખાન એરબેઝ ઉપરાંત બલૂચિસ્તાનના ક્વેટામાં ૧૨મી ડિવિઝનના હેડક્વાર્ટર અને ખૈબર પખ્તુનખ્વાની મોહમંદ એજન્સીમાં ખ્વાજાઈ કેમ્પ પર બોમ્બમારો કરવામાં આવ્યો છે. તાલિબાનના જણાવ્યા મુજબ, પાકિસ્તાનના અન્ય મહત્વના સૈન્ય કમાન્ડ સેન્ટરોને પણ ભારે નુકસાન પહોંચ્યું છે. આ ઓપરેશન પાકિસ્તાની સેના દ્વારા તાજેતરમાં કાબુલ અને બગ્રામ એરબેઝ પર કરવામાં આવેલા હુમલાનો બદલો છે. તાલિબાનના સંરક્ષણ મંત્રાલયે ચેતવણી આપી છે કે જો પાકિસ્તાન ફરીથી અફઘાન હવાઈ સીમાનું ઉલ્લંઘન કરશે, તો તેને વધુ કડક જવાબ મળશે. બીજી તરફ, પાકિસ્તાન સરકારે દાવો કર્યો છે કે અત્યાર સુધીમાં ૪૦૦થી વધુ અફઘાન લડાયકો માર્યા ગયા છે અને સેંકડો ઘાયલ થયા છે.ઉલ્લેખનીય છે કે, પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે આ સંઘર્ષ ૨૨ ફેબ્રુઆરીએ શરૂ થયો હતો, જ્યારે પાકિસ્તાને અફઘાનિસ્તાનના સરહદી વિસ્તારોમાં એરસ્ટ્રાઈક કરી હતી. પાકિસ્તાનના નાયબ ગૃહમંત્રી તલાલ ચૌધરીએ દાવો કર્યો હતો કે ટીટીપીના ઠેકાણાઓ પર કરાયેલી કાર્યવાહીમાં ઓછામાં ઓછા ૭૦ લડવૈયા માર્યા ગયા હતા. જેના જવાબમાં અફઘાનિસ્તાને ૨૭ ફેબ્રુઆરીથી પાકિસ્તાન પર હુમલા શરૂ કર્યા છે.

---

# અસરગ્રસ્ત ભારતીયોને જરૂરી સહાય અપાશેઃ ભારત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સશસ્ત્ર સંઘર્ષ અને અસ્થિરતા સંદર્ભે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વડપણ હેઠળ કેબિનિટ કમિટી ઓન સીક્યુરિટી (CCS)ની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં વર્તમાન સ્થિતિની સમીક્ષા સાથે અસરગ્રસ્ત ભારતીયોને જરૂરી સહાય પૂરી પાડવા માટે સંબંધિત વિભાગોને સૂચના અપાઈ હતી.

CCSની સત્તાવાર યાદીમાં જણાવ્યા મુજબ, પશ્ચિમ એશિયામાં મોટી સંખ્યામાં વસતા ભારતીયોની સલામતી અને સુરક્ષા બાબતે ચિંતા વ્યક્ત કરાઈ હતી. આ બેઠકમાં નેશનલ સિક્યુરિટી એડવાઈઝર અજિત દોવાલ, વડાપ્રધાનના અગ્ર સચિવો પી કે મિશ્રા, શશિકાંત દાસ, ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાન, કેબિનેટ સેક્રેટરી ટી વી સોમનાથન અને વિદેશ સચિવ વિક્રમ મિસરી ઉપસ્થિત રહ્યા હતા.દરમિયાન, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પશ્ચિમ એશિયામાં સર્જાયેલી તંગદિલી અંગે ચિંતા વ્યક્ત કરી હતી. પીએમ મોદીએ જણાવ્યું હતું કે, ભારત આ ક્ષેત્રના તમામ દેશો સાથે સંપર્ક કરી તેમના નાગરિકોની સુરક્ષા અને સલામતી સુનિશ્ચિત કરવા માટે કાર્ય કરશે. શાંતિ અને સ્થિરતાને પ્રાથમિકતા આપવાનું ભારતનું વલણ સ્પષ્ટ છે. ભારત હંમેશા સંવાદ દ્વારા સમસ્યાના સમાધાનમાં વિશ્વાસ ધરાવે છે.મધ્ય-પૂર્વના દેશોમાં ચાલી રહેલી લડાઈને પગલે આ દેશોના રૂટ પરની 20-25 ટકા એર ટિકિટો રદ થઈ છે અથવા તેની તારીખોમાં ફેરફાર કરાયો છે. આ અંગે માહિતી આપતાં ઈન્ડિયન એસોસિયેશન ઓફ ટૂર ઓપરેટર્સ (આઈએટીઓ)એ જણાવ્યું હતું કે, હાલની તંગદિલીને લીધે પ્રવાસીઓમાં ભારે ચિંતા અને ગભરાટ જોવા મળી રહ્યો છે. મોટાભાગના પ્રવાસીઓએ કાં તો પોતાની ટિકિટ્સ રદ કરાવી છે અથવા તો તેની તારીખમાં ફેરફાર કર્યો છે. જો આ સંઘર્ષ વધુ લાંબો સમય ખેંચાશે તો તેનાથી એરલાઈન્સને આર્થિક અસર થશે.હિઝબુલ્લાહ દ્વારા ઈઝરાયેલ પર હુમલાના વળતા જવાબમાં લેબનોન પર મિસાઈલ્સ ઝીંકાઈ હતી. ઈઝરાયેલના વળતા હુમલામાં 52 લેબનોનવાસીનાં મોત થયા હતા. ઈઝરાયેલ-હિઝબુલ્લાહ વચ્ચે સંઘર્ષના પગલે અખાતી રાષ્ટ્રોમાં યુદ્ધનાં વાદળ વધુ ઘેરાયા છે. લેબનોન આરોગ્ય મંત્રાલયના જણાવ્યા મુજબ, 149 ઘાયલ થયા છે.



# તંત્રી લેખ......

## બાહ્ય રંગો આંતરિક ચેતનાને રંગ આપે છે

ભારત ઉજવણીઓની ભૂમિ છે, તહેવારોની પવિત્ર ભૂમિ છે. સમાજમાં તહેવારોની સાતત્યતા તેની સાંસ્કૃતિક સમૃદ્ધિ અને સામૂહિક આનંદની નિશાની માનવામાં આવે છે. હોળી માત્ર એક તહેવાર નથી, પરંતુ સંવાદિતાનું સંગીત છે જે ભારતના હૃદયના ધબકારામાં ગુંજતું રહે છે. ફાલ્ગુની પૂર્ણિમાના દિવસે હોલિકાનું દહન અને ત્યારબાદ ધુલેંડીના દિવસે રંગોનો તહેવાર એ રંગોનો સંવાદ છે, જેમાં ભવિષ્યના રંગો ભૂતકાળની રાખમાંથી જન્મે છે. હોળીનો દાર્શનિક પાયો ભારતીય ચેતનામાં ઊંડે સુધી મૂળ ધરાવે છે. પ્રહલાદની અટલ શ્રદ્ધા અને હોલિકાના દહનની વાર્તા ફક્ત એક પૌરાણિક કથા નથી, પરંતુ માનવજાતની અંદર ભડકતા સત્ય અને અસત્ય વચ્ચેના સંઘર્ષનું રૂપક છે.

જ્યારે હિરણ્યકશિપુનો અહંકાર અગ્નિમાં ભસ્મીભૂત થાય છે, ત્યારે તે ફક્ત એક પાત્રનો અંત નથી, પરંતુ અન્યાય, અહંકાર અને વિભાજનકારી માનસિકતાનો અંત છે. જ્યાં સુધી આપણી અંદરની અસમાનતા બળી ન જાય, ત્યાં સુધી બાહ્ય સંવાદિતા અધૂરી રહેશે. પછી, જ્યારે રંગોના તહેવારના દિવસે ચહેરા પર રંગો લગાવવામાં આવે છે, ત્યારે તેની અસર મન પર અનુભવાય છે. તે ક્ષણમાં, ઉચ્ચ અને નીચનો કોઈ પ્રશ્ન નથી, અમીર અને ગરીબ વચ્ચે કોઈ ભેદ નથી. રંગો દરેકને સમાન બનાવે છે - એક હાસ્ય, એક ઉત્સાહ, એક સ્પર્શ. આ દર્શાવે છે કે વિવિધતા વિરોધ નથી, પરંતુ સુંદરતા છે. જેમ ઘણા રંગો ભેગા થઈને મેઘધનુષ્ય બનાવે છે, તેમ વિવિધ સમુદાયો પણ રાષ્ટ્રના આત્માને પૂર્ણ કરવા માટે એક થાય છે.

ભારતભરમાં હોળીના સ્વરૂપો અલગ અલગ હોય છે, પરંતુ ભાવના એક જ છે. બ્રજ ક્ષેત્રમાં, હોળી વસંત પંચમીથી શરૂ થાય છે અને રંગભરી એકાદશી પછી તેની ટોચ પર પહોંચે છે. લાડુમારથી લથમાર સુધી, અનોખા ઉત્સવો યોજાય છે, અને દેશ-વિદેશના લોકો બ્રજની મુલાકાત લે છે. બરસાનાની લથમાર હોળી દરમિયાન હાસ્ય શાબ્દિક રીતે હવામાં ફેલાય છે. શેરીઓમાં ગુલાલ ઉડતી, છત પર હાસ્ય અને ચોકમાં મજાક ઉડતી, સમગ્ર બ્રજ પ્રદેશ હસતો દેખાય છે. શણગારેલી સ્ત્રીઓ લાકડીઓ પકડીને આગળ વધે છે, જ્યારે પુરુષો ઢાલ અને તોફાની રીતે પોતાનો બચાવ કરે છે. આ બધું પ્રેમની મીઠી મજાકનો ઉત્સવ છે. આ હાસ્ય અને મજાક વચ્ચે, પરંપરા ફક્ત જોવા મળતી નથી પરંતુ આનંદથી જીવવામાં આવે છે. આ દ્રશ્ય રમતિયાળ લાગે છે, પરંતુ એક ઊંડી સાંસ્કૃતિક સ્મૃતિ અંદરથી ધબકે છે. તે રાધા અને કૃષ્ણના આનંદી મનોરંજનને યાદ કરે છે, જ્યાં ગુસ્સો અને સમાધાન પણ પ્રેમનું અભિવ્યક્તિ છે. અહીં, સ્ત્રીઓ ઉજવણીના કેન્દ્રબિંદુ તરીકે ઉભરી આવે છે, તેમની સક્રિયતા શક્તિ અને સ્નેહના સુંદર સંતુલનનું પ્રતીક છે, એક સંતુલન જે રમૂજ, આદર અને આત્મીયતાની ભાવનાને સમાવે છે. દરમિયાન, વૃંદાવનના ફૂલ હોળીમાં, જ્યારે રંગોને બદલે ફૂલોનો વરસાદ કરવામાં આવે છે, ત્યારે વાતાવરણ સુગંધિત ભક્તિથી ભરેલું લાગે છે. બ્રજની હોળી ખરેખર એકતાનો ઉત્સવ છે, જ્યાં બાહ્ય રંગો આંતરિક ચેતનાને રંગ આપે છે. હોળીની વાનગીઓ પણ સંવાદિતાનો સ્વાદ છે. ગુજિયાની મીઠાશ, દહીં-બડાની કોમળતા, માલપુઆની સુગંધ અને ઠંડાઈની શીતળતા ફક્ત વાનગીઓ નથી પરંતુ સહિયારી સંસ્કૃતિની થાળી છે. આ તહેવારની સૌથી મોટી શક્તિ એ છે કે તે સામાજિક અવરોધોને નરમ પાડે છે અને આપણને યાદ અપાવે છે કે જો આપણે એક દિવસ માટે મતભેદો ભૂલી શકીએ છીએ, તો કાયમ માટે કેમ નહીં? રંગો ફક્ત બાહ્ય વસ્તુઓ નથી, પરંતુ લાગણીઓનું પ્રતીક છે. લાલ પ્રેમનું પ્રતિનિધિત્વ કરે છે, પીળો આશાનું પ્રતિનિધિત્વ કરે છે, લીલો નવા જીવનનું પ્રતિનિધિત્વ કરે છે, અને વાદળી વિશ્વાસનું પ્રતિનિધિત્વ કરે છે. તેઓ આપણને શીખવે છે કે જીવન કાળો અને સફેદ નથી; તેમાં ઘણા સ્વર અને છાંયો છે. જો આપણે ફક્ત આપણા પોતાના રંગને જ સર્વોચ્ચ ગણીએ, તો સંઘર્ષ ઉભો થશે, પરંતુ જો આપણે બધા રંગોને સ્વીકારીએ, તો એક અદ્ભુત ચિત્ર ઉભરી આવશે - સંવાદિતાનું ચિત્ર. આજે, જ્યારે સમાજ વિવિધ વિચારધારાઓ અને ઓળખ દ્વારા વધુને વધુ વિભાજિત થઈ રહ્યો છે, ત્યારે હોળીની ઉજવણી આપણને સંદેશ આપે છે: મતભેદો છોડી દો, દ્વેષ છોડી દો, માફ કરો અને આલિંગન કરો. તે પુનઃમિલનનો સંસ્કાર છે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાના વાયદામાં રૂ.૪૧૪૯ અને ચાંદીના વાયદામાં રૂ.૧૦૮૦૫નો કડાકોઃ ક્રૂડ તેલના વાયદામાં રૂ.૫૮૪નો ઉછાળો

### કોમોડિટી વાયદાઓમાં રૂ.૮૯૪૯.૪૨ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૪૧૪૨૦.૯ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૬૭૯૫.૧૫ કરોડનાં કામકાજ


મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર હોળી (ધૂળેટી) નિમિત્તે પ્રથમ સત્રનાં કામકાજ બંધ રહ્યા હતા, જ્યારે સાંજે ૫ વાગ્યાથી શરૂ થયેલા બીજા સત્રમાં વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૫૦૩૭૦.૩૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૮૯૪૯.૪૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૪૧૪૨૦.૯ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૮૦૪.૮૮ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૬૭૯૫.૧૫ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૧૯૯૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૬૨૯૯૯ અને નીચામાં રૂ.૧૫૯૬૪૯ના મથાળે અથડાઈ, રૂ.૧૬૬૦૭૪ના આગલા બંધ સામે રૂ.૪૧૪૯ ઘટી રૂ.૧૬૧૯૨૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની માર્ચ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૩૫૧૨ ઘટી રૂ.૧૩૨૨૬૧ થયો હતો. ગોલ્ડ-પેટલ માર્ચ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૪૨૪ ઘટી રૂ.૧૬૬૫૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૩૦૪ ઘટી રૂ.૧૫૯૨૫૫ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ટેન માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૫૨૦૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૬૬૫૦૦ અને નીચામાં રૂ.૧૫૭૦૬૭ના સ્તરને સ્પર્શી, રૂ.૧૬૭૦૯૨ના આગલા બંધ સામે રૂ.૪૨૬૦ ઘટી રૂ.૧૬૨૮૩૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૫૯૩૨૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૫૯૩૨૦ અને નીચામાં રૂ.૨૫૯૩૨૦ના મથાળે અથડાઈ, રૂ.૨૭૦૧૨૫ના આગલા બંધ સામે રૂ.૧૦૮૦૫ ઘટી રૂ.૨૫૯૩૨૦ થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.૧૮૬૮૪ ઘટી રૂ.૨૬૬૪૪૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.૧૮૮૫૫ ઘટી રૂ.૨૬૬૩૮૨ થયો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૭૭૯.૪૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું માર્ચ વાયદો રૂ.૨૧.૦૫ ઘટી રૂ.૧૧૯૩.૭૫ થયો હતો. જસત માર્ચ વાયદો રૂ.૧.૬ ઘટી રૂ.૩૨૫.૭૫ થયો હતો. એલ્યુમિનિયમ માર્ચ વાયદો રૂ.૬.૪૫ વધી રૂ.૩૨૫.૫૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું માર્ચ વાયદો ૬૫ પૈસા ઘટી રૂ.૧૮૯.૦૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૧૦૦૨.૪૫ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી માર્ચ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૯૪૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૯૫૫ અને નીચામાં રૂ.૩૮૬૦ના મથાળે અથડાઈ, રૂ.૪ ઘટી રૂ.૩૯૫૧ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ માર્ચ વાયદો બેરલદીઠ રૂ.૬૬૫૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૭૦૮૧ અને નીચામાં રૂ.૬૬૫૦ના મથાળે અથડાઈ, રૂ.૬૪૯૭ના આગલા બંધ સામે રૂ.૫૮૪ વધી રૂ.૭૦૮૧ થયો હતો. ક્રૂડ તેલ-મિની માર્ચ વાયદો રૂ.૫૮૪ વધી રૂ.૭૦૮૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ માર્ચ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧૫.૩ વધી રૂ.૨૮૭ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ વાયદો રૂ.૧૪.૯ વધી રૂ.૨૮૬.૯ના સ્તરે પહોંચ્યો હતો.




કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૬૦૩૭.૯૧ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૭૫૭.૨૩ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાના વાયદાઓમાં રૂ. ૫૭૧.૪૪ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૩૮.૫૦ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૨.૩૩ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૬૭.૨૧ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૩.૦૭ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૮૧.૪૨ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૮૧૭.૯૫ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૯૬૯૮ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૭૭૬૫૭ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૭૧૮૫ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૯૭૨૩૪ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૫૩૦૩૫ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૭૨૮૩ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૧૭૫૪૪ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૬૫૫૦૦ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૧૭૧ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૨૨૭૬ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૭૮૨૫ લોટના સ્તરે રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ માર્ચ રૂ.૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૦૬ વધી રૂ.૫૫૨.૪ થયો હતો.

સોનું માર્ચ રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩ ઘટી રૂ.૫૧૯ થયો હતો. આ સામે ચાંદી માર્ચ રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૨૧૨.૫ ઘટી રૂ.૧૧૦૪૭ના ભાવે બોલાયો હતો. તાંબું માર્ચ રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૭.૩ ઘટી રૂ.૩૬ના ભાવે બોલાયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની માર્ચ રૂ.૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૧૮.૧ વધી રૂ.૫૬૮ થયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૯.૫ વધી રૂ.૨૪.૧૫ થયો હતો. સોનું-મિની માર્ચ રૂ.૧૭૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૮૬ ઘટી રૂ.૩૮૫૪.૫ થયો હતો. ચાંદી-મિની માર્ચ રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૫૭૮ ઘટી રૂ.૧૨૪૪૦.૫ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ માર્ચ રૂ.૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૭૯.૫ ઘટી રૂ.૪૬૯ના ભાવે બોલાયો હતો.

સોનું માર્ચ રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૮૩૮.૫ વધી રૂ.૧૭૦૦ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી માર્ચ રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૫૬૯ વધી રૂ.૨૯૦૦ થયો હતો. તાંબું માર્ચ રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૧.૩ વધી રૂ.૩૯.૧૨ થયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની માર્ચ રૂ.૬૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૫૫ ઘટી રૂ.૩૫૬.૯૫ થયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ રૂ.૨૮૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૭.૦૫ ઘટી રૂ.૧૮.૯૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની માર્ચ રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૨૭૦.૫ વધી રૂ.૫૨૭૬ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની માર્ચ રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૩૫૭.૫ વધી રૂ.૨૫૭૨ના ભાવે બોલાયો હતો.

### આ કેસમાં ચાર આરોપીની પોલીસે ધરપકડ કરી હતી

# મૈત્રી કરાર કરીને રહેતી પત્નીના પ્રેમી પર હુમલો કરનારો પતિ બે માસ બાદ પકડાયો

### પોલીસે અગાઉ આ ગુનામાં કુલ ચાર આરોપીઓની ધરપકડ કરી હતીઃ હાલમાં મુખ્ય આરોપીની ધરપકડ બાદ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ઘાટલોડિયા વિસ્તારમાં ગત ડિસેમ્બર માસમાં પત્નીના પ્રેમી પર જીવલેણ હુમલો કરીને હત્યાનો પ્રયાસ કરનારા પતિની બે માસ બાદ પોલીસે ધરપકડ કરી છે.

પત્ની ઘર છોડીને પ્રેમી સાથે મૈત્રી કરારમાં રહેવા જતા આરોપીએ મિત્રો સાથે મળીને હુમલો કર્યો હતો. આરોપીએ યુવકની આંખમાં મરચું નાખીને છરી અને પાઈપથી હુમલો કરતા તે ગંભીર રીતે ઘવાયો હતો. પોલીસે અગાઉ આ ગુનામાં કુલ ચાર આરોપીઓની ધરપકડ કરી હતી. ત્યારે આ ગુનાના મુખ્ય આરોપીની ધરપકડ બાદ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. નારણપુરામાં આવેલા આશીર્વાદ એપાર્ટમેન્ટમાં રહેતા અજય પઢિયાર સિલાઈનું કામ કરે છે. અજય અગાઉ ઘીકાંટા વિસ્તારમાં પરિવાર સાથે રહેતો હતો. તે સમયે તેના વિસ્તારમાં રહેતી પરિણીતા અને તેના પતિ સાથે સંબંધ ધરાવતો હતો. આ દરમિયાન પરિણીતાના પતિએ અન્ય યુવતી સાથે લગ્ન કરી લીધા હતા. જેથી પરિણીતા અને તેના પતિ વચ્ચે મનમેળ રહ્યો નહોતો. બંને વચ્ચે બોલાચાલી ઝઘડા પણ થતા હતા. પરિણીતાને તેનો પતિ પસંદ ન હોવાથી આ દરમિયાનમાં અજય સાથે પ્રેમ સંબંધ બંધાયો હતો. જેથી છેલ્લા આઠ માસથી પરિણીતા અજયના ઘરે આવીને મૈત્રી કરાર કરીને રહેતી હતી. તેવામાં ગત તા.૧૮ ડિસેમ્બરે જ્યારે પરિણીતાને કે. કે. નગર ખાતે રસોઈ બનાવવાના કામ માટે જવાનું હોવાથી અજય મૂકવા ગયો હતો. પરિણીતાને મૂકીને તે ફ્લેટ નીચે બાઈક પર બેસીને ફોનમાં ગેમ રમતો હતો ત્યારે અચાનક જ પાછળથી કોઈ અજાણી વ્યક્તિએ આવીને અજયની આંખ પર હાથ મૂકી દેતા તેને બળતરા થઈ હતી. આંખમાં મરચું નાખીને અજયના માથામાં કોઈ હથિયારથી હુમલો કરતા તે નીચે પડી ગયો હતો. ઊભો થઈને અજય ફ્લેટમાં નાસી ગયો ત્યારે તેની પાછળ દોડીને શખ્સોએ ચાકુથી હુમલો કર્યો હતો. આ સમયે મારા પિતાએ આજે કીધું છે કે તેને પતાવીને જ આવજે તેવું કહેતા હુમલો કરનાર પરિણીતાનો પતિ મિહિર સોલંકી હોવાનું જણાયું હતું. ઘાટલોડિયા પોલીસે મિહિર સોલંકી અને તેના પિતા બિપીન સોલંકી સામે ગુનો નોંધ્યા બાદ હવે આરોપી મિહિર સોલંકીની સરદારનગર વિસ્તારમાંથી ધરપકડ કરી છે. ઉલ્લેખનીય છે કે ઘાટલોડિયા પોલીસે આ કેસમાં અગાઉ મિહિર સોલંકીના પિતા બિપીન સોલંકી અને કિરણ પરમાર સહિત ૪ આરોપીની ધરપકડ કરી હતી. આરોપી મિહિર સોલંકી વિરુદ્ધ મારામારી, ધમકી સહિત પાંચ ગુના નોંધાઈ ચૂક્યા હોવાનું તપાસમાં ખૂલ્યું છે.

# રાજકોટમાં હોલિકા દહન વખતે બે જૂથના યુવકો વચ્ચે ઘર્ષણ સર્જાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

રાજ્યભરમાં જ્યારે હોળી-ધૂળેટીના પર્વની ઉત્સાહભેર ઉજવણી થઈ રહી છે, ત્યારે રાજકોટના ભગવતીપરા વિસ્તારમાં હોલિકા દહન દરમિયાન અશાંતિ સર્જવાનો પ્રયાસ થયો હોવાની ઘટના સામે આવી છે. સામાન્ય બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા બે જૂથના યુવાનો સામસામે આવી ગયા હતા. જોકે, પોલીસે સમયસૂચકતા વાપરીને સ્થિતિ પર કાબૂ મેળવી લીધો છે.મળતી માહિતી મુજબ, રાજકોટના ભગવતીપરા વિસ્તારમાં પરંપરાગત રીતે હોલિકા દહનનો કાર્યક્રમ ચાલી રહ્યો હતો. આ દરમિયાન ત્યાંથી અન્ય ધર્મના કેટલાક યુવાનો પસાર થઈ રહ્યા હતા. હોલિકા દહનની વિધિમાં અડચણ ન આવે તે માટે ત્યાં હાજર હિન્દુ યુવાનોએ આ યુવકોને સાઈડમાં ખસીને ચાલવા અથવા જગ્યા આપવા માટે જણાવ્યું હતું.આ સામાન્ય બાબતે બંને પક્ષો વચ્ચે બોલાચાલી શરૂ થઈ હતી. વાત વણસતા મામલો ગરમાયો હતો અને બંને જૂથના યુવાનો સામસામે આવી ગયા હતા. આ અચાનક સર્જાયેલા ઘર્ષણને કારણે વિસ્તારમાં થોડા સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.ઘર્ષણ શરૂ થતા જ આસપાસના જવાબદાર નાગરિકો અને વડીલો તુરંત વચ્ચે પડ્યા હતા. સ્થાનિકોએ સમજાવટથી બંને પક્ષના યુવાનોને છૂટા પાડ્યા હતા અને મામલો થાળે પાડવા પ્રયાસ કર્યો હતો.

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - મંગળવાર, 03/03/2026

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૧૫૦ | ૪૭૦.૦૦ | ૫૯૦.૦૦ |
| ૨ | મગફળી | ૨૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૧૧૧.૦૦ |
| 3 | એરંડા | ૦ | ૧,૨૩૦.૦૦ | ૧,૨૫૦.૦૦ |
| ૪ | રાયડો | ૨૦ | ૧,૦૫૦.૦૦ | ૧,૧૨૭.૦૦ |
| ૫ | બાજરી | ૦ | ૩૬૦.૦૦ | ૪૩૦.૦૦ |
| ૬ | વરીયાળી | ૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૪૦૦.૦૦ |
| ૭ | જીરૂ | ૦ | ૨,૦૦૦.૦૦ | 3,૦૦૦.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

# હોળી પર્વ દરમિયાન યાત્રી ભીડ વ્યવસ્થાપન માટે વ્યાપક વ્યવસ્થાઓ, અપગ્રેડેડ ભીડ નિયંત્રણ ઉપાયોથી સુગમ અને સુરક્ષિત યાત્રા સુનિશ્ચિતઃ અમદાવાદ મંડળથી ૩ લાખથી વધુ યાત્રીઓએ કરી યાત્રા

હોળી પર્વના અવસરે વધેલી યાત્રી ભીડને પ્રભાવક રીતે મેનેજ કરવા માટે પશ્ચિમ રેલવે દ્વારા વ્યાપક અને સુવ્યવસ્થિત વ્યવસ્થાઓ કરવામાં આવી. તમામ વિભાગો વચ્ચે સુદ્રઢ સંકલન સ્થાપિત કરતાં એ સુનિશ્ચિત કરવામાં આવ્યું કે પોતાના ગૃહ નગરો તરફની યાત્રા કરનારા યાત્રીઓને સુરક્ષિત, સુગમ અને નિર્બાધ યાત્રા સુવિધા પ્રાપ્ત થાય.



પશ્ચિમ રેલવે એ હોળી પર્વ દરમિયાન વધેલી ભીડને ધ્યાનમાં રાખતાં ફેબ્રુઆરીના છેલ્લા સપ્તાહ તથા માર્ચ મહિનામાં પોતાના સ્ટેશનોથી ૩૦૮ વિશેષ ટ્રેનોના ફેરા સંચાલિત કરવાની જાહેરાત કરી છે. આ જ ક્રમમાં ૨૧ ફેબ્રુઆરીથી ૦૨ માર્ચ, ૨૦૨૬ દરમિયાન પશ્ચિમ રેલવેએ ગોરખપુર, બનારસ, દાનાપુર, સમસ્તીપુર, દરભંગા, ભગત કી કોઠી (જોધપુર), હરિદ્વાર, રક્સૌલ, હજરત નિજામુદ્દીન, દિલ્હી સહિત અન્ય મહત્વપૂર્ણ સ્ટેશનો માટે કુલ ૨૬૬ વિશેષ ટ્રેનોનું સંચાલન કર્યું. આ વિશેષ ટ્રેનો ઉત્તર પ્રદેશ, બિહાર, રાજસ્થાન અને ગુજરાત જેવા મુખ્ય રાજ્યોને જોડતાં યાત્રીઓની વધારાની માંગને પૂરી કરવા માટે ચલાવવામાં આવી.

૨૭ ફેબ્રુઆરીથી ૦૨ માર્ચ, ૨૦૨૬ ના સમયગાળા દરમિયાન પશ્ચિમ રેલવે દ્વારા ૨૭ લાખથી વધુ યાત્રીઓને તેમના મુકામ સુધી સુરક્ષિત અને સુગમ યાત્રા સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી.

અમદાવાદ મંડળ હેઠળ અમદાવાદ, સાબરમતી, અસારવા, ગાંધીધામ અને ભુજ સ્ટેશનોથી ૨૭, ૨૮ ફેબ્રુઆરી અને ૦૧ માર્ચ, ૨૦૨૬ ના રોજ સંચાલિત વિશેષ ટ્રેનો મારફતે ૩ લાખથી વધુ યાત્રીઓએ યાત્રા કરી.

સ્ટેશનવાર યાત્રી સંખ્યા આ મુજબ રહી –

અમદાવાદથી લગભગ ૧.૫૫ લાખ યાત્રી

સાબરમતીથી ૭૦ હજાર યાત્રી

અસારવાથી ૩૦ હજાર યાત્રી

ગાંધીધામથી ૩૦ હજાર યાત્રી

ભુજથી ૧૫.૫ હજાર યાત્રી

ભીડ વ્યવસ્થાપન માટે પ્રભાવક પગલાં

હોળી પર્વ દરમિયાન યાત્રીઓની સુવિધા અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે નીચે જણાવેલા વિશેષ ઉપાયો લાગુ કરવામાં આવ્યા –

વિશેષ ટ્રેનોના સંબંધમાં સતત ઉદઘોષણાઓ કરીને યાત્રીઓમાં ભ્રમથી સ્થિતિથી બચાવ કરવામાં આવ્યો.

ઈલેક્ટ્રોનિક ડિસ્પ્લે બોર્ડ પર ટ્રેનોની અદ્યતન માહિતી પ્રદર્શિત કરવામાં આવી.

રેલવે કર્મચારીઓ દ્વારા યાત્રીઓને માર્ગદર્શન અને સહાયતા ઉપલબ્ધ કરાવવામાં આવી.

એટીવીએમ અને રેલવન એપ મારફતે ટિકિટ લેવા માટે જાગૃતિ અભિયાન ચલાવવામાં આવ્યા.

મોબાઈલ યૂટીએસ સુવિધા મારફતે લાઈનમાં રાહ જોઈ રહેલા યાત્રીઓને ટિકિટ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા.

વધારાના રિઝર્વેશન કાઉન્ટર, એટીવીએમ અને હેન્ડહેલ્ડ ટિકિટીંગ ટર્મિનલની વ્યવસ્થા કરવામાં આવી.

મુખ્ય સ્ટેશનો પર હોલ્ડિંગ એરિયા બનાવીને યાત્રી અવરજવરને સુવ્યવસ્થિત કરવામાં આવી.

હોલ્ડિંગ એરિયામાં પીવાના પાણી, બેસવાની વ્યવસ્થા અને અન્ય જરૂરી સુવિધાઓ સુનિશ્ચિત કરવામાં આવી.

વિશેષ ટ્રેનોની માહિતી પ્રિન્ટ, ઈલેક્ટ્રોનિક અને સોશિયલ મીડિયા મારફતે સર્વગ્રાહી રૂપે પ્રસારિત કરવામાં આવી.

સંચાલન જરૂરિયાતોને અનુરૂપ ડ્યૂટી પર હાજર કર્મચારીઓ દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવી.

મુખ્ય સ્ટેશન અને ટ્રેનોમાં રેલવે સુરક્ષા બળ (આરપીએફ) તથા ટિકિટ તપાસ કર્મચારીઓની પૂરતી જમાવટ કરવામાં આવી.

સંવેદનશીલ સ્ટેશનો પર સીસીટીવી મારફતે વાસ્તવિક સમયમાં દેખરેખ રાખવામાં આવી.

વિશેષ ટ્રેનોનું સમયપાલન સુનિશ્ચિત કરવા માટે સતત મોનિટરિંગ કરવામાં આવ્યું.

ફુટઓવર બ્રિજ, પ્લેટફોર્મ, પ્રવેશ/નિકાસ દ્વાર અને ટ્રેનોમાં સુરક્ષિત ચઢવા-ઉતરવાની વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી.

પશ્ચિમ રેલવે પોતાના નેટવર્ક પર યાત્રી અવરજવરની સતત દેખરેખ રાખી રહ્યું છે તથા હોળી પર્વ દરમિયાન યાત્રીઓને સુરક્ષિત, આરામદાયક અને સુવિધાજનક યાત્રા ઉપલબ્ધ કરાવવા માટે વધારાની વિશેષ ટ્રેનોના સંચાલન અને જરૂરી સંસાધનોની ઉપલબ્ધતા માટે પૂર્ણપણે પ્રતિબદ્ધ છે.


નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.

Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક



RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

કોંગ્રેસ આપને દ્વાર-જનતાની વેદના હેઠળ રાજકોટ ના વોર્ડ નંબર ૮ માં જનસંપર્ક કાર્યક્રમ શરૂ

# ભાજપ હજુ નિયુકિતમાં લાગ્યો છે ત્યાં જ કોંગ્રેસે સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓના પ્રચારના કર્યા શ્રીગણેશ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ભાજપ હજુ નિયુકિતમાં લાગ્યો છે ત્યાં જ કોંગ્રેસે એકશન મોડમાં આવી જઈ રાજકોટમાં પ્રચારના શ્રી ગણેશ શરૂ કર્યા છે. રાજકોટ શહેર કોંગ્રેસ દ્વારા લોકો સાથે સીધો સંપર્ક મજબુત કરવા અને નાગરીકોના પ્રશ્નોને નજીકથી સમજવા કોંગ્રેસ આપને દ્વાર-જનતાની વેદના કાર્યક્રમ અંતર્ગત વોર્ડ નંબર ૮ માં જનસંપર્ક કાર્યક્રમ યોજાયો હતો.

શહેર કોંગ્રેસના આગેવાનો દ્વારા વિસ્તારમાં ફરી નાગરીકો સાથે સંવાદ સાધી તેમની રજુઆતો સાંભળવામાં આવી હતી. આ કાર્યક્રમ દરમિયાન વોર્ડ નંબર ૮ ના વિવિધ સ્થાનિક પ્રશ્નોને રાજકોટ શહેર કોંગ્રેસ દ્વારા આવરી લેવામાં આવ્યા હતા. ખાસ કરીને વિસ્તારમાં શુધ્ધ પીવાના પાણીની અછત અંગે લોકોએ ભારે રોષ વ્યકત કર્યો હતો. નાગરીકોએ જણાવ્યુ હતુ કે ઘણા વિસ્તારોમાં નિયમિત રીતે શુધ્ધ અને સ્વચ્છ પીવાનુ પાણી મળતુ નથી અને મહિનામાં ગમે ત્યારે પાણી પુરવઠો બંધ થઈ જવાથી લોકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. ઉપરાંત દુકાનદારો દ્વારા પાર્કિંગ ની યોગ્ય વ્યવસ્થા ન હોવાની અને વાહનો ટોઈંગ થવાથી થતી આર્થિક અને માનસિક તકલીફોની રજુઆતો કરવામાં આવી હતી. તો બીજી તરફ વિસ્તારમાં ગંદકી અને અપુરતી સફાઈ અંગે પણ અસંતોષ વ્યકત થયો હતો. આ પ્રસંગે રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ ડો. રાજદીપસિંહ જાડેજાએ જણાવ્યુ હતુ કે આ દેશમાં સૌથી મોટી શકિત પ્રજાના મતાધિકારમાં વસે છે. મતાધિકાર માત્ર મતદાનનો દિવસ પુરતો મર્યાદીત નથી. પરંતુ તે સત્તાધીશોને જવાબદાર બનાવવાની શકિત છે. જયારે સામાન્ય માણસના નાના મોટા કામો અટવાઈ જાય, લોકો પોતાની જ સમસ્યાઓ માટે ભટકતા રહે અને તેમની ફરીયાદો સાંભળવાનો સત્તાધીશો પાસે સમય ના હોય ત્યારે પ્રજાએ સમજવાનો સમય આવી જાય છે કે સત્તામાં બેઠેલા લોકોને જવાબ આપવો પડશે.



# વડોદરા મંડળમાં 'સેવા સંકલ્પ'ના અસરકારક અમલીકરણ માટે ઉચ્ચ સ્તરીય બેઠક




કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા પસાર કરાયેલા 'સેવા સંકલ્પ'ને અસરકારક રીતે અમલમાં મૂકવા માટે, સોમવાર, ૦૨ માર્ચ ૨૦૨૬ ના રોજ વડોદરા ડિવિઝનના ડિવિઝનલ ઓફિસ ખાતે ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી રાજુ ભડકેની અધ્યક્ષતામાં વડોદરા ડિવિઝનમાં એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી.

પશ્ચિમ રેલ્વેના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર, આ બેઠક ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી રાજુ ભડકેના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી, જેમાં ડિવિઝનના તમામ વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા.

પોતાના પ્રમુખપદના ભાષણમાં, ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી રાજુ ભડકેએ જણાવ્યું હતું કે ભારતીય રેલ્વે ફક્ત પરિવહન સેવા નથી, પરંતુ લાખો નાગરિકોના રોજિંદા જીવન સાથે ઊંડે સુધી જોડાયેલી એક મહત્વપૂર્ણ જાહેર સેવા છે. મુસાફરો અને સામાન્ય જનતાને પૂરી પાડવામાં આવતી સેવાઓને વધુ અસરકારક, સમયસર, પ્રતિભાવશીલ અને પરિણામલક્ષી બનાવવી એ દરેક રેલ્વે અધિકારી અને કર્મચારીની પ્રાથમિક જવાબદારી છે. તેમણે તમામ અધિકારીઓ અને કર્મચારીઓને તેમના રોજિંદા કાર્યોમાં સેવા પ્રતિબદ્ધતાની ભાવનાનો સમાવેશ કરવા અને ઉત્તમ અને લોકોલક્ષી સેવાઓ પ્રદાન કરવા હાકલ કરી. આ પ્રસંગે, વિભાગીય કાર્યાલય ખાતે આયોજિત કાર્યક્રમમાં સિનિયર ડિવિઝનલ પર્સનલ ઓફિસર શ્રી તેજરામ મીણાએ સેવા પ્રતિજ્ઞા વાંચી હતી. અધિકારીઓ અને કર્મચારીઓએ જાહેર સેવા પ્રત્યે સમર્પણ અને પ્રામાણિકતા, પારદર્શિતા અને જવાબદારી સાથે તેમની ફરજો નિભાવવાની પ્રતિજ્ઞા લીધી હતી. કાર્યક્રમ પછી, ઠરાવના સિદ્ધાંતોને અમલમાં મૂકવા અને વિભાગીય સ્તરે નક્કર કાર્યવાહી સુનિશ્ચિત કરવાના પગલાં પર વિગતવાર ચર્ચા કરવામાં આવી.

# ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા ભીષણ સંઘર્ષ ની સીધી અસર ગુજરાતના ઉદ્યોગો પર

## શિપિંગ કંપનીઓએ નવા બુકિંગ પર લગાવી રોક : ઈન્સ્યુરન્સ કવરેજ બંધ થતા સંકટ ઘેરાયુ : સ્ટ્રીટ ઓફ હોર્મુઝ માર્ગ પ્રભાવીત થતા સપ્લાય ચેઈન ખોરવાઈ


પ્રતિનિધિ,ગાંધીનગર

ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા ભીષણ સંઘર્ષની સીધી અસર હવે ગુજરાતના વેપાર અને ઉદ્યોગ જગત પર દેખાવા લાગી છે. ખાસ કરીને મધ્ય પુર્વ ના દેશોમાં સમુદ્રી માર્ગો પર વધતી અનિશ્ચિતતાના કારણે દરીયાઈ વેપાર ને મોટો બ્રેક લાગ્યો છે. મધ્ય ગુજરાતના ઉદ્યોગ ક્ષેત્રમાંથી મીડલ ઈસ્ટ ના દેશોમાં નિકાસ થતી મશીનરીનો વેપાર હાલમાં સંપૂર્ણપણે અટકી ગયો છે. જેના કારણે સ્થાનિક વેપારીઓમાં ભારે ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે.

વર્તમાન પરીસ્થિતિને જોતા અનેક શિપિંગ કંપનીઓએ સાવચેતીના પગલારૂપે નવા ઓર્ડર લેવાનુ બંધ કરી દીધુ છે અને કન્સાઈનમેન્ટ્સ જે પહેલેથી જ જહાજોમાંથી લોડ કરી દેવામાં આવ્યા હતા તેને સુરક્ષાના કારણોસર બંદરો પર જ રોકી દેવામાં આવ્યા છે.

ખાસ કરીને મોટી બહુરાષ્ટ્રીય શિપિંગ કંપનીઓએ ઓપરેશન્સ સ્થગિત કરી દેતા નવા ઓર્ડર પર અનિશ્ચિતતાના વાદળો છવાઈ ગયા છે અને નિકાસકારોના કરોડો રૂપીયાના માલનો ભરાવો થયો છે. વેપાર ખોરવવાનુ એક મુખ્ય કારણ આંતરરાષ્ટ્રીય ઈન્સ્યોરન્સ કંપનીઓનો નિર્ણય પણ છે. સંઘર્ષગ્રસ્ત વિસ્તારોમાંથી પસાર થતા જહાજોને વિમા કંપનીઓએ કવર આપવાનુ બંધ કરી દીધુ છે. ઈન્સ્યોરન્સ વગર સમુદ્રી માર્ગે માલ મોકલવો અત્યંત જોખમી હોવાથી શિપિંગ કંપનીઓએ પોતાના જહાજોને આગળ વધારતા અટકાવી દીધા છે. આ સ્થિતિને કારણે મધ્ય ગુજરાતના મશીનરી ઉત્પાદકોને મોટુ આર્થિક નુકશાન સહન કરવાનો વારો આવ્યો છે. વૈશ્વિક વેપાર અને તેલ ની હેરફેર માટે અત્યંત મહત્વનો ગણાતો સ્ટ્રીટ ઓફ હોર્મુઝ માર્ગ હાલમાં સૌથી વધુ અસરગ્રસ્ત બન્યો છે. ઈરાન અને ખાડી દેશો વચ્ચે આવેલો આ માર્ગ યુરોપીયન દેશોમાં પહોચવા માટેનો મુખ્ય વિકલ્પ છે. નિષ્ણાંતોના જણાવ્યા અનુસાર આ માર્ગ માં અવરોધ ઉભો થતા સમગ્ર સપ્લાય ચેઈન ખોરવાઈ ગઈ છે. જો કે અન્ય દરીયાઈ માર્ગો ઉપલબ્ધ છે પરંતુ યુદ્ધની ભીતી ને જોતા હાલ કોઈપણ પક્ષ મોટુ જોખમ લેવા તૈયાર નથી.

સ્થાનિક ઉદ્યોગ સંસ્થાઓએ આ ગંભીર પરીસ્થિતિને ધ્યાને રાખીને કેન્દ્ર સરકારને તાત્કાલીક હસ્તક્ષેપ કરવા અપીલ કરી છે. વેપારીઓ ઈચ્છી રહ્યા છે કે સરકાર નિકાસકારો માટે કોઈ વૈકલ્પિક માર્ગ ની વ્યવસ્થા કરે અથવા આર્થિક નુકશાન સહાય પુરી પાડે, જો આ યુદ્ધ લાંબુ ખેંચાય તો આગામી દિવસોમાં ગુજરાતના એકસપોર્ટ બિઝનેશ પર તેની વધુ ઘાતક અસરો જોવા મળી શકે છે.



શ્રી કનીરામ બાપુ અને લઘુ મહંત શ્રી નાગરદાસ બાપુના આશીર્વાદ મેળવ્યા

# દુધરેજ વડવાળા મંદિર ખાતે હોળી મહોત્સવમાં સહભાગી બનતા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી



નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી સુરેન્દ્રનગરના શ્રી વડવાળા મંદિર, દુધરેજ ધામ ખાતે આયોજિત 'હોળી મહોત્સવ'માં સહભાગી થયા હતા. આ તકે તેમણે હરિદ્વાર કુંભ મેળામાં મહામંડળેશ્વર અને તાજેતરમાં શંકરાચાર્યની પદવીથી વિભૂષિત થયેલા શ્રી કનીરામ બાપુ તેમજ લઘુ મહંત શ્રી નાગરદાસ બાપુના ચરણોમાં વંદન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

આ પ્રસંગે ઉપસ્થિત જનમેદનીને સંબોધતા નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, મંત્રી તરીકે પદભાર સંભાળ્યાના બીજા જ દિવસે મેં ભગવાન વડવાળાના આશીર્વાદ લઈ ગૌમાતા અને ગૌભક્તોની રક્ષાનો સંકલ્પ કર્યો હતો. વધુમાં તેમણે ગૌરવભેર ઉમેર્યું હતું કે, રાજ્ય સરકાર ગૌ-હત્યા કરનારા તત્વો માટે અત્યંત કઠોર છે. સરકારના મક્કમ નિર્ધાર અને નક્કર કામગીરીના કારણે છેલ્લા એક વર્ષમાં ૧૮થી વધુ ગૌ-હત્યારાઓને ૭ વર્ષથી લઈને આજીવન કેદ સુધીની સજા અપાવવામાં આવી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં થયેલી ગૌ રક્ષા સંબંધિત કામગીરી વિશે વાત કરતા જણાવ્યું કે ગૌ-હત્યા વિરોધી કડક કાયદો લાવીને સરકારે ગૌભક્તોની લાગણીનું સન્માન કર્યું છે.

દુધરેજ યાત્રાધામના વિકાસ અંગે મહત્ત્વની જાહેરાત કરતા તેમણે વધુમાં જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ દુધરેજ ધામના વિકાસ માટે અગાઉ મંજૂર થયેલા સાડા ચાર કરોડ રૂપિયા ઉપરાંત, બીજા બે કરોડ રૂપિયા એમ કુલ ૬.૫૦ કરોડના વિકાસકામો સરકાર દ્વારા કરવામાં આવશે. વધુમાં તેમણે ઉપસ્થિત માલધારી ભાઈ-બહેનો અને ભક્તોને આહવાન કરતાં જણાવ્યું હતું કે, આપણે સૌ સાથે મળીને સનાતન શક્તિને વધુ મજબૂત કરીએ અને ગૌરક્ષાની નૈતિક જવાબદારી નિષ્ઠાપૂર્વક નિભાવીએ.

આ તકે નાયબ મુખ્ય દંડક શ્રી જગદીશભાઈ મકવાણા, સાંસદ શ્રી બાબુભાઈ દેસાઈ, ધારાસભ્યશ્રી પી.કે.પરમાર, અગ્રણી સર્વે શ્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ, હાર્દિકભાઈ ટમાલીયા, જિલ્લા કલેક્ટર શ્રી કે.એસ.યાજ્ઞિક, મ્યુનિસિપલ કમિશનર શ્રી નવનાથ ગ્વહાણે, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી પ્રેમસુખ ડેલુ તેમજ મોટી સંખ્યામાં સાધુ-સંતો અને ભક્તો ઉપસ્થિત રહ્યા હતાં.

# કેટરીંગના બહાને માનવ તસ્કરી કાંડ નો પર્દાફાશઃ સગીરાને સુરત અને મહારાષ્ટ્રમાં વેચી દેવાનો પ્રયાસઃ મુખ્ય સુત્રધાર પોલીસના કબ્જામાં




પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સુરત શહેરમાં માનવ તસ્કરીના ગંભીર ગુન્હાનો પર્દાફાશ કરતા લીંબાયત પોલીસે ૧૪ વર્ષની સગીરાને કેટરીંગના બહાને લઈ જઈ વેચી દેવાઈ હોવાનો ચોંકાવનારો કિસ્સો બહાર આવ્યો છે. સમગ્ર મામલામાં મુખ્ય સુત્રધાર ફરજાના ઉર્ફે ફજજો રફીક શાહ ને ૫ મહિનાથી ફરાર રહ્યા બાદ ઝડપી લેવામાં આવી છે.

પોલીસ સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ લીંબાયત વિસ્તારમાં રહેતી સગીરાને કામની લાલચ આપીને લસકાણા લઈ જવામાં આવી હતી. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યુ હતુ કે સગીરાનો પ્રથમ સોદો ૫૦ હજાર રૂપીયામાં સોયેબ નામના વ્યકિત સાથે કરવામાં આવ્યો હતો. જો કે લસકાણામાં સગીરા પર બળજબરી કરવાનો પ્રયાસ નિષ્ફળ જતા આ સોદો રદ થયો હતો. ત્યારબાદ સગીરાને મહારાષ્ટ્રના સોલાપુર ખાતે લઈ જઈ એક હિન્દુ યુવક સાથે ૨ લાખ રૂપીયામાં પરણાવી દેવામાં આવી હતી. સોલાપુરમાં ૩ મહિના સુધી યૌન શોષણ કરવામાં આવ્યુ હતુ, સોલાપુરમાં સગીરાને ૩ મહિના સુધી શારીરિક અને માનસિક અત્યાચાર સહન કરવો પડયો હોવાનો ખુલાસો બહાર આવ્યો છે. પોલીસ સુત્રોના કહેવા પ્રમાણે યુવકની બહેને માનવતા દાખવી સગીરાને તેની માતા સાથે વાત કરાવી હતી. માતા સાથે વાત થતાં જ યુવક ગભરાઈ ગયો અને સગીરાને સુરત પરત મોકલી દીધી હતી.

સુરત પરત આવ્યા બાદ સગીરાએ પોતાની આપવીતી પરીવારજને જણાવી હતી. ત્યારબાદ ૨૫ મી નવેમ્બરે મામલો પોલીસ સ્ટેશન પહોચતા ગુન્હો નોંધાયો હતો. લીંબાયત પોલીસે ગુન્હાનો ભેદ ઉકેલતા માનવ તસ્કરીના રેકેટનો પર્દાફાશ કર્યો હતો. આ પહેલા જ નુરી શેખ અને તેના પતિ વસીમ શેખની ધરપકડ કરવામાં આવી હતી, હવે ૫ મહિનાથી ફરાર રહેલી મુખ્ય આરોપી ફરજાના ઉર્ફે ફજજો રફીક શાહ ને પાનોલી ખાતે દરોડો પાડી ઝડપી લેવામાં આવી હતી. પોલીસે ફરજાનાને આશરો આપનાર તેના દિયર આરીફ યુનુસ શાહ ની પણ ધરપકડ કરી છે. લીંબાયત પોલીસ સ્ટેશનના પીઆઈ એન કે કામળીયા અને પીએસઆઈ કે એચ ચૌધરીની આગેવાની હેઠળ સમગ્ર નેટવર્ક ના અન્ય સંડોવાયેલા લોકો સુધી પહોચવાના ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસે રાજયના નાગરીકોને અપીલ કરી છે કે નાબાલીક બાળકોને કામ અથવા લગ્નની લાલચ આપતી શંકાસ્પદ વ્યકિતઓ વિશે તાત્કાલીક જાણ કરવી. માનવ તસ્કરી જેવા ગુન્હાઓ સામે કડક કાર્યવાહી ચાલુ રહેશે તેવી ખાત્રી પણ આપવામા આવી છે. આ સમગ્ર ઘટના સુરતમાં માનવ તસ્કરીના જાળને લઈને ગંભીર ચિંતા ઉભી કરે છે. પોલીસ તપાસ આગળ વધતા વધુ ખુલાસા બહાર આવવાની શકયતા છે.

ઈઝરાયેલમાં વસતા અંદાજે ૨૦,૦૦૦ ભારતીયોમાં મોટો હિસ્સો હીરાના વેપારીઓનો છે

# ખાડીના દેશોમાં મહાયુદ્ધના મંડાણથી ત્યાં વસતા ૭ લાખથી વધુ ગુજરાતીના શ્વાસ અદ્ધર

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

પશ્ચિમ એશિયામાં ઈરાન, ઈઝરાયેલ અને અમેરિકા વચ્ચે વણસી રહેલા લશ્કરી તણાવને પગલે માત્ર ભૌગોલિક સરહદો જ નહીં, પણ લાખો ગુજરાતી પરિવારોની ઊંઘ હરામ કરી દે તેવી શક્યતા આકાર પામી રહી છે. મધ્ય-પૂર્વના દેશોમાં વસતા અંદાજે 90 લાખ ભારતીયોમાં 7 લાખથી વધુ ગુજરાતી હોવાની શક્યતા નકારી શકાતી નથી. જે ત્યાંના અર્થતંત્રમાં કરોડરજ્જુ સમાન છે. ભારત સરકારના વિદેશ મંત્રાલયના રેકોર્ડ મુજબ, ગુજરાતના 46,766 શ્રમિકો તો માત્ર 'ઈ-માઈગ્રેટ' પોર્ટલ પર નોંધાયેલા છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે, દુબઈ, મસ્કત અને કુવૈત જેવા શહેરોમાં હજ્જારો ગુજરાતી પરિવારો પેઢીઓથી વસેલા છે અને ત્યાંના બિઝનેસ સેક્ટર પર તેમનું વર્ચસ્વ છે. આ યુદ્ધ માત્ર માનવીય સંકટ નથી, પણ ગુજરાતની આર્થિક નસોને તોડી શકે તેવું આર્થિક સંકટ પણ મનાય છે. દર વર્ષે ગલ્ફ દેશોમાં વસતા ભારતીયો અબજો ડોલરનું હૂંડિયામણ વતનમાં મોકલે છે. જેમાં ગુજરાતનું સ્થાન મોખરે છે. જો આ દેશોમાં સ્થિતિ વણસે, તો માત્ર રેમિટન્સ જ નહીં, પણ ગુજરાતના હીરા, ટેક્સ્ટાઈલ અને મરીન પ્રોડક્ટ્સના નિકાસ બજાર પર પણ હાલ પૂરતું તાળું લાગી જવાની સંભાવના છે.એક અંદાજ મુજબ, ગલ્ફ દેશોમાંથી ગુજરાતમાં દર મહિને આશરે 2,500 કરોડથી વધુની રકમ ઘર-પરિવાર ચલાવવા માટે આવે છે. જેના પર હવે જોખમ ઊભું થશે. ગુજરાતના સુરતથી સૌરાષ્ટ્ર સુધી આર્થિક આંચકાની સંભાવના રહેલી છે. આ યુદ્ધની સ્થિતિમાં ગુજરાતના જે ક્ષેત્રોને સૌથી મોટો ફટકો પડશે. જેમાં સૌથી પહેલું નામ હીરા ઉદ્યોગનું છે. સુરતથી ઈઝરાયેલ અને UAEમાં મોટી માત્રામાં પોલિશ્ડ ડાયમંડની નિકાસ થાય છે.

ઈઝરાયેલમાં વસતા અંદાજે 20,000 ભારતીયોમાં મોટો હિસ્સો હીરાના વેપારીઓનો છે. આ ઉપરાંત, ઈરાન અને ઈઝરાયેલના જળમાર્ગો જોખમાતા ક્રૂડ ઓઈલના ભાવમાં થનારો વધારો ગુજરાતના ટ્રાન્સપોર્ટ અને મેન્યુફેક્ચરિંગ સેક્ટરની કમર તોડી નાખશે. લાલ સમુદ્રમાં તણાવ વધવાથી શિપિંગ ખર્ચમાં 40 ટકાનો વધારો થયો છે, જે મુંદ્રા અને કંડલા પોર્ટના બિઝનેસને અસર કરી રહ્યો છે. વિદેશમાં કામ કરતા ભારતીયોની સુરક્ષા માટે ભારત સરકાર અત્યંત ગંભીર છે.

પ્રવાસી ભારતીય વીમા યોજના હેઠળ વર્ષ 2006થી જૂન 2025 સુધીમાં કુલ 83,88,143 વીમા પોલિસી ઈશ્યૂ કરવામાં આવી છે. ઈ-માઈગ્રેટ પોર્ટલ જેવા ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા વિદેશી રોજગારની પ્રક્રિયા પારદર્શક અને સુરક્ષિત બનાવી છે. મહિલા શ્રમિકો માટે કડક નિયમો મુજબ, ECR પાસપોર્ટ ધરાવતી મહિલાઓ માટે વિદેશમાં કામ કરવા જવા માટે લઘુતમ વય 30 વર્ષ રાખવામાં આવી છે અને તેમની ભરતી માત્ર સરકારી એજન્સીઓ દ્વારા જ થઈ શકે છે. કોઈપણ જાતની મદદ માટે હેલ્પલાઈન બનાવેલી છે. જેમાં છેલ્લા 3 વર્ષમાં ગલ્ફ દેશોમાં ભારતીય મિશનોને 1,38,213 ફરિયાદો મળી છે. જેનું નિરાકરણ 24x7 હેલ્પલાઈન, વોટ્સએપ અને ઈમેલ દ્વારા કરવામાં આવે છે. ગુજરાતમાંથી અધિકૃત રીતે 46,766 લોકો અખાતી દેશોમાં શ્રમિક તરીકે કાર્યરત છે.


**પશ્ચિમ રેલ્વે**

**સમારકામ કાર્ય**

ડિવિઝનલ રેલ્વે મેનેજર (WA), પશ્ચિમ રેલ્વે, છઠ્ઠો માળ, એન્જિનિયરિંગ વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ -400008, ઇ-ટેન્ડર સૂચના નં. BCT/25-26/330, તા. 26.02.2026 ને આમંત્રણ આપે છે. કાર્ય અને સ્થાન: બાંદ્રા પાલી હિલ - બાંદ્રા પાલી હિલ કોલોની ખાતે ઓફિસર્સ ક્વાર્ટર્સમાં અધિકારીઓના રહેઠાણના વ્યવસાયમાં ફેરફારના સંદર્ભમાં ક્વાર્ટર્સનું સમારકામ. કાર્યનો અંદાજિત ખર્ચ: ₹ 2,50,74,433.83. EMD: ₹2,75,400/-. સબમિટ કરવાની તારીખ અને સમય: તા. 24.03.2026 ના 15:00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય: 24.03.2026 ના રોજ 15:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો.

1185

અમને લાઇક કરો: facebook.com/WesternRly


# અમદાવાદના નિકોલ વિસ્તારમાં ૬૫ વરસના નરાધમની શરમજનક કરતુતઃ ૯ વર્ષની માસુમ બાળા સાથે કર્યા અડપલાં




પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદના નિકોલ વિસ્તારમાં એક ચોંકાવનારી ઘટના બનવા પામી છે. જે સાંભળીને કોઈપણ વ્યકિતનુ લોહી ઉકળી ઉઠે, જે ઉંમરે મંદિરમાં બેસી પ્રભુનુ નામ લેવાનુ હોય એ ઉંમરે એક ૬૫ વરસના વૃધ્ધે પૌત્રી સમાન ૯ વર્ષની બાળકીની લાજ લેવાનો પ્રયાસ કર્યો હોવાની ફરીયાદ નોંધાઈ છે. નિકોલ પોલીસે આ નરાધમ વૃધ્ધની ધરપકડ કરી છે. પોતાની માતા સાથે સિલાઈ કામની દુકાનમાં ગયેલી બાળકી એકલી પડતા જ આ નરાધમે તેને શિકાર બનાવી હતી. જો કે સતર્ક માતાએ મોબાઈલમાં લાઈવ સીસીટીવી ફુટેજમાં જોઈ લીધા હતા અને આ પાપીનો ભાંડો ફુટી ગયો હતો. નિકોલ પોલીસે પકડેલા શખ્સનુ નામ છે ભરત પરમાર જેની ઉંમર ૬૫ વરસ છે, પણ કરતુત કોઈ રીઢા ગુન્હેગાર જેવા છે. નિકોલના પુરુષોત્તમનગર માં આવેલી એક ટેલરની દુકાનમાં ફરીયાદી મહિલા સિલાઈ કામ કરે છે. ગઈ કાલે સોમવારે મહિલા પોતાની ૯ વર્ષની માસુમ દિકરીને સાથે લઈને દુકાને ગઈ હતી. સિલાઈના માલ સામાનની ડીલીવરી આપવા માટે જયારે માતા સિંગરવા ગઈ ત્યારે દિકરીને દુકાનમાં જ મુકી ને ગઈ હતી, આ એકલતાનો લાભ લઈને ૭ વરસથી ત્યાં કામ કરતા ભરત પરમારે બાળકી સાથે શારીરિક અડપલાં શરૂ કર્યા હતા. આ નરાધમ એ ભુલી કે તેની પાપલીલા ઉપર બેઠેલો ભગવાન નહી પણ સીસીટીવી કેમેરો જોઈ રહ્યો છે.

સિંગરવા ગયેલી માતાને પોતાની દિકરીની ચિંતા થતા તેણે મોબાઈલ ફોનમાં દુકાનના સીસીટીવી કેમેરા ચેક કર્યા, મોબાઈલ ની સ્કીન પર જે દ્રશ્યો દેખાયા તે જોઈને માતા ના પગ નીચેથી જમીન સરકી ગઈ, ૭ વરસથી જેની સાથે કામ કરતા હતા તે ભરત પરમાર માસુમ બાળકી સાથે ગંદી હરકતો કરી રહ્યો હતો. માતાએ જરા પણ સમય ગુમાવ્યા વગર તાત્કાલીક દુકાનના અન્ય કર્મચારીને ફોન કર્યો અને બાળકીને બચાવી લીધી, માતા સીધી પોલીસ સ્ટેશન પહોચી અને આ હવસખોર વિરૂધ્ધ પોકસો એકટ હેઠળ ગુન્હો દાખલ કરાવ્યો હતો જેને લઈ નિકોલ પોલીસે આરોપીની ધરપકડ કરી લીધી છે.

પોલીસ તપાસમાં બહાર આવ્યુ છે કે આરોપી ભરત પરમાર અપરીણીત છે અને છેલ્લા ૭ વરસથી આજ દુકાનમાં વિશ્વાસપાત્ર બનીને કામ કરતો હતો, પરંતુ માસુમ બાળકીને એકલી જોઈ તેની દાનત બગડી હતી. નિકોલ પોલીસે સીસીટીવી ફુટેજ કબ્જે કરીને આરોપીની ધરપકડ કરી છે. જે ઉંમરે સન્માન અને આદર મળવો જોઈએ એ ઉંમરે આ વૃધ્ધ હવે જેલના સળીયા ગણી રહ્યો છે. આ ઘટના તમામ માતા પિતા માટે એક શીખ છે કે પોતાના સંતાનોને ગમે તેટલી વિશ્વાસુ વ્યકિત હોય તો પણ એકલા ન મુકવા જોઈએ. માતાની સતર્કતાને કારણે આજે એક નરાધમ જેલના હવાલે ગયો છે.

# જે પોલીસ સ્ટેશનોમાં CCTV નહીં હોય કે બંધ હાલતમાં હશે તો એવા પોલીસ સ્ટેશનો સામે ભરાશે પગલાં

## રાજયમાં પોલીસ ધ્વારા RTI હેઠળ CCTV ફૂટેજ નહીં આપવાની આવતી ફરિયાદો અને રજૂઆતોના આધારે માહિતી આયોગે આપેલો આદેશ

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

ગુજરાત હાઈકોર્ટ ધ્વારા દરેક પોલીસ સ્ટેશનમાં CCTV ફરજિયાત લગાડવાના કરાયેલા આદેશને લઈને હવે રાજયના દરેક પોલીસ સ્ટેશનોએ ફરજિયાત પણે CCTV લગાડવાના રહેશે એટલું જ નહીં જે પોલીસ સ્ટેશન માં CCTV ના લગાડયા હોય અને જો લગાડયા હોય અને તે બંધ હાલતમાં હોય તેવા પોલીસ સ્ટેશનો સામે પગલાં ભરવાનો પણ નામદાર ગુજરાત હાઈકોર્ટે આદેશ કર્યો હતો. સાથે સાથે કોર્ટે સરકાર અને ગૃહ વિભાગને પણ નિર્દેશ કર્યો હતો. હવે CCTV ને લઈને માહિતી આયોગે મહત્વનો નિર્દેશ આપ્યો છે. માહિતી આયોગે પોલીસ ધ્વારા RTI હેઠળ સીસીટીવી ફૂટેજ નહીં આપવાની આવતી ફરિયાદો અને રજૂઆતોના આધારે ચુકાદો આપ્યો હતો. આ ચુકાદામાં ટાંકયું હતું કે, ઘટનાના ૩૦ દિવસમાં RTI થાય તો CCTV ફૂટેજ સાચવવા પડશે. માંગવામાં આવેલા ફૂટેજ નો નાશ થશે તો કાર્યવાહી કરાશે.

માહિતી આયોગે CCTV ફૂટેજના પરિપત્રનો ચુસ્તપણે અમલ કરાવવા સૂચના આપી હતી. આ ઉપરાંત માહિતી આયોગે સીસીટીવી ફૂટેજ ઉપલબ્ધ કરાવવા બાબતે ફરી પરિપત્ર કરવા રાજય પોલીસ વડા સહિત અધિકારીઓને સૂચના આપી હતી. તાજેતરમાં શહેર કોટડા પોલીસ મથકે CCTVની ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે RTI હેઠળ CCTV ફૂટેજ નહીં આપતા મામલો માહિતી આયોગ સુધી પહોંચ્યો હતો. જેથી માહિતી આયોગે આ અંગે સામાન્ય વહીવટ વિભાગના CCTV ફૂટેજ અંગેના પરિપત્રનો ચુસ્ત અમલ કરવા સૂચના આપી હતી. માહિતી આયોગે આપેલા ચુકાદામાં ઉલ્લેખ કર્યો હતો કે ઘટના બન્યાના ૩૦ દિવસના સીસીટીવી ફૂટેજ સાચવી રાખવા જરૂરી છે. ત્યારે હવે જોવું એ રહ્યું કે આનો અમલ ક્યારે થાય છે?

# ઈરાન-ઈઝરાયેલ યુદ્ધના કારણે દુબઈમાં ફસાયા ૫૦૦ થી વધુ ગુજરાતીઓ: વિમાનના ભાડા રૂ.૨૮ હજારથી વધી રૂ.૧ લાખ થયા

પ્રતિનિધિ,ગાંધીનગર

અમેરીકા ઈઝરાયેલ ગઠબંધન અને ઈરાન વચ્ચે લશ્કરી મુકાબલો પશ્ચિમ એશિયામાં સંપૂર્ણપાયે પ્રાદેશિક કટોકટીમાં ફેરવાઈ રહ્યો છે તેની અસર ઉત્તર ગુજરાતમાં તીવ્રપણે અનુભવાઈ રહી છે. રાજયના મહેસાણા-પાટણ ક્ષેત્રના ૫૦૦ થી વધુ વતનીઓ હાલમાં ગલ્ફ દેશોમાં ફસાયેલા છે. તેઓ બંધ પડેલા વેપાર, ગ્રાઉન્ડેડ ફલાઈટ અને મુસાફરી ખર્ચમાં અચાનક વધારાનો સામનો કરી રહ્યા છે.

આ અશાંતિમાં ફેલાયેલા લોકોમાં અલ્પેશકુમાર પટેલ અને તેમના બે ભત્રીજાઓ યોગેશ અને પાર્થકુમાર પટેલનો સમાવેશ થાય છે. અલ્પેશ અને યોગેશ મહેસાણા જિલ્લાના છે. જયારે પાર્થ પડોશી પાટણ જિલ્લાનો છે. ૨૫ ફેબ્રુઆરી એ તેલ, ગેસ અને ભંગાળ ધાતુના વ્યવસાયિક પ્રવાસ માટે સંયુકત આરબ અમીરાત (યુએઈ) પહોચ્યા પછી ૨૮ ફેબ્રુઆરીએ સંઘર્ષ વધુ તીવ્ર બનતા તેમની યોજનાઓ ખોરવાઈ ગઈ, હવે તેઓને બર દુબઈની એક હોટલમાં રોકાવવાની ફરજ પડી છે. ધ ઈન્ડીયન એકસપ્રેસ સાથે વાત કરતા અલ્પેશ પટેલે કહ્યુ હતુ કે વાતાવરણ રાબેતા મુજબ હોવા છતાં સ્થાનિક અધિકારીઓએ ભોજન સિવાય હોટલ છોડવા સામે કડક સલાહ આપી છે. ગુજરાતના લગભગ ૫૦ લોકો દુબઈની પડોશી હોટલમાં ફસાયેલા છે.



ટીકીટના ભાવમાં જોઈએ તો જે રીટર્ન ટીકીટ અગાઉ રૂપીયા ૨૮ હજાર માં મળતી હતી તેનો ભાવ હવે રૂપીયા ૧ લાખ સુધી પહોચી ગયો છે. દુબઈ એરસ્પેસ બંધ હોવાથી કેટલાક પ્રવાસીઓ ઓમાન થઈને મસ્કત થી ફલાઈટ પકડવાનુ વિચારી રહ્યા છે. પરંતુ તેના માટે અલગ વિઝા ની પ્રક્રિયા જટીલ બની છે. મહેસાણાના સાંસદ મયંક નાયક અને વડોદરાના સાંસદ હેમાંગ જોશીએ ફસાયેલા લોકોની મદદ માટે હેલ્પલાઈન શરૂ કરી છે અને વિદેશ મંત્રાલયનો સંપર્ક સાધ્યો છે.

અલ્પેશ પટેલે વધુમાં કહ્યુ હતુ કે તેણે અને તેના એક ભત્રીજાએ ૧૦ માર્ચ માટે રીટર્ન ફલાઈટ ટીકીટ બુક કરાવી છે. જયારે તેના બીજા ભત્રીજાની રીટર્ન ટીકીટ ૫ માર્ચ ની છે. અલ્પેશે કહ્યુ કે અમે અમારૂ કામ વહેલુ પુરૂ કરી શકીએ તો અમે વહેલા રવાના થવાનુ વિચારી રહ્યા હતા, પરંતુ અમે અમારૂ કામ પતાવી શકયા નહી, પ્રવર્તમાન પરીસ્થિતિને કારણે અમે શારજહાં, રાસ અલ-ખૈમાહ અથવા અબુધાબી ની મુલાકાત લઈ શકયા નહી, અમે વ્યવસાયિક હેતુઓ માટે આ સ્થળોએ મુસાફરી કરવાનુ આયોજન કર્યુ હતું. હવાઈ ક્ષેત્ર બંધ થવાથી અલ્પેશ અને તેના ભત્રીજાઓ માટે પરત ફરવાની યાત્રા નાણાંકીય અને લોજીસ્ટિકલ કસોટીમાં ફેરવાઈ ગઈ છે. તેમણે કહ્યુ કે તેઓએ શરૂઆતમાં ૨૮ હજાર રૂપીયામાં રાઉન્ડ ટ્રીપ ટીકીટ બુક કરાવી હતી, હવે એક તરફી ઈમરજન્સી ભાડા પ્રતિ વ્યકિત ૧ લાખ રૂપીયા થઈ ગયા છે. અલ્પેશે કહ્યુ કે તેમ છતાં ફલાઈટ દુબઈ થી નથી કારણ કે અહીંનુ એરસ્પેસ બંધ છે. અમારે પહેલા ઓમાન જવુ પડશે, પછી ફલાઈટ પકડવા માટે મસ્કત જવુ પડશે, જો કે આનો અર્થ એ છે કે અમારે ઓમાન માટે વિઝા પણ મેળવવાની જરૂર છે. જે જટીલતામાં વધારો કરે છે. અમે પરીસ્થિતિ કેટલી વણસી શકે છે તે અંગે ખુબ ચિંતિત છીએ. તેમણે ઉમેર્યુ કે તેમને આશા છે કે પરીસ્થિતિ સામાન્ય થશે જેથી તેઓ ૧૦ માર્ચે દુબઈથી બુક કરેલી ફલાઈટમાં પાછા ફરી શકશે. અલ્પેશે એવુ પણ કહ્યુ કે તેમણે ૧૦ માર્ચ સુધી દુબઈમાં તેમના હોટલ રોકાણ માટે અગાઉથી ચુકવણી કરી દીધી છે.

સાવચેતીના પગલા તરીકે પરીસ્થિતિ વધુ વણસે તો તેમણે ૨-૩ દિવસ માટે ખોરાકનો સંગ્રહીત કરી રાખ્યો છે. તેમણે વધુમાં કહ્યુ કે તેઓએ દુબઈ સ્થિત ભારતીય દુતાવાસનો સંપર્ક કર્યો છે. જેણે તેમને જાણ કરી છે કે તમામ અપડેટ્સ સોશીયલ મીડીયા દ્વારા આપવામાં આવશે.

### ગુજરાતની વસ્તીમાં ૨૪ ટકા હિસ્સો ધરાવતો કોળી સમાજ વિધાનસભાની ૪૦ બેઠકો ઉપર નુકશાન કરાવી શકે છે?

# ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ અગાઉ કોળી સમાજનુ શકિત પ્રદર્શન : ભાવનગર થી સુરત સુધીની ઘટનાઓથી રાજકીય ગરમાવો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચુંટણીઓ અગાઉ કોળી સમાજે રાજકીય શકિત પ્રદર્શનની શરૂઆત કરી છે. છેલ્લા એક મહિનામાં દેખાવમાં નાના લાગતા કેટલાક વિવાદો મોટા સામાજિક અને રાજકીય મુદ્દામાં ફેરવાયા છે. વ્યકિતગત બનાવો હવે રાજયભરમાં સામુહિક એકતાના પ્રતિક બની ગયા છે. કોળી સમાજ ન્યાય તથા વધુ રાજકીય પ્રતિનિધિત્વ જેવી લાંબા સમયની માંગણીઓને ઉજાગર કરી રહ્યો છે.



ગુજરાતની કુલ વસ્તીમાં અંદાજે ૨૪ ટકા હિસ્સો ધરાવતો કોળી સમાજ રાજયના પછાત વર્ગોમાં સૌથી વધુ સંખ્યા ધરાવે છે. આ સંખ્યાબળને કારણે લગભગ ૪૦ વિધાનસભા બેઠકોની ચુંટણી પરીણામોને કોળી મતદારો પ્રભાવિત કરી શકે છે. તાજેતરની ઘટનાઓને પગલે કોળી સમાજે પોતાનો રાજકીય અવાજ વધુ બુલંદ બનાવવા પ્રયાસ શરૂ કર્યો છે. મોટો વિવાદ ત્યારે થયો જયારે પૂર્વ સરપંચ નવનીત બાલધીયા પર જાણીતા લોક કલાકાર માયાભાઈ આહીર ના પુત્ર જયરાજ આહીર દ્વારા હુમલો કરવામાં આવ્યો હોવાનો આક્ષેપ થયો. આ ઘટનાએ ખાસ કરીને ભાવનગર જિલ્લામાં કોળી સમાજમાં ભારે રોષ ફેલાવ્યો, જિલ્લામાં વિરોધ પ્રદર્શન અને બેઠકો યોજાઈ, કોળી સમુદાયના ધારાસભ્યો અને સાંસદોએ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની મળીને દોષીતો વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવાની માંગ કરી, સમુદાયના નેતાઓ અને કોળી સમાજના સતત દબાણ બાદ પોલીસે જયરાજ આહીરની ધરપકડ કરી હતી. નવનીત બાલધીયા પરના હુમલા બાદ કોળી અને આહીર સમાજના કેટલાક સભ્યો વચ્ચે તણાવ પણ જોવા મળ્યો હતો. જો કે કોળી નેતાઓએ સ્પષ્ટ કહ્યુ હતુ કે મુદ્દો કોઈ જ્ઞાતિનો મુદ્દો નથી પરંતુ ન્યાયનો છે.

તો બીજી તરફ ગત ઉતરાયણની પૂર્વ સંધ્યાએ સુરતમાં બની હતી જેમાં કોળી યુવાનો અને પૂર્વ પાટીદાર અનામત આંદોલન સમિતિના નેતા અલ્પેશ કથીરીયાના સમર્થકો વચ્ચે થયેલી બોલાચાલી બાદ પરીસ્થિતિ તંગ બની હતી, કોળી સમાજના લોકો સુરત પોલીસ કમિશ્નર કચેરી બહાર એકત્ર થયા અને કેટલાક કોળી યુવાનોને પાટીદાર યુવાનો દ્વારા માર મારવામાં આવ્યો હોવાનો આક્ષેપ થયો હતો. ભાજપના ધારાસભ્ય હીરા સોલંકીએ સભાને સંબોધતા જણાવ્યુ હતુ કે કોળી સમાજના સભ્યો પર હુમલો સહન કરવામાં નહી આવે. રાજુલાના ધારાસભ્ય અને અખિલ ભારતીય કોળી સમાજના ગુજરાત એકમના પ્રમુખ હીરા સોલંકીએ કહ્યુ હતુ કે આ ઘટનાઓને આંતર સમજી ટકરાવ તરીકે જોવી યોગ્ય નથી, તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે અમને કોઈ સમાજ સાથે વાંધો નથી પરંતુ અમારા સમાજના કોઈ સભ્ય સાથે અયોગ્ય વર્તન થાય તો તેની રક્ષા કરવી મારી ફરજ છે. રાજકીય પ્રતિનિધિત્વ અંગે તેમણે ઉમેર્યુ કે કોળી સમાજની આશાઓ અન્ય સમાજોથી અલગ નથી. દરેક સમાજ રાજકારણમાં વધુ પ્રતિનિધિત્વ ધરાવે છે.

# સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ અગાઉ ભાજપે ચુંટણીઓ જીતવા નેતાઓની મોટી ફોજ ઉતારી: ચાર મહાનગરોમાં પ્રદેશ મહામંત્રીઓને બનાવ્યા પ્રભારી

પ્રતિનિધિ,ગાંધીનગર

પ્રદેશ કારોબારી સભ્યોને પ્રભારી બનાવાતા નથી પરંતુ આ વખતે આ નિયમ પણ તોડવામાં આવ્યો છે. જુથવાદને સદંતર ડામી દેવા પ્રદેશ પ્રમુખે વિશ્વકર્માએ પ્રદેશ મહામંત્રીઓને પ્રભારી બનાવી ચુંટણીઓ જીતવા માટે મોટી ફોજ ઉતારી છે.

પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા દ્વારા રાજયના અલગ અલગ ૪૨ શહેર અને જિલ્લાના પ્રભારીઓની નિમણુંક કરવામાં આવી છે. પક્ષ દ્વારા નવી રણનીતી અપનાવવામાં આવી છે. ચાર પ્રદેશ મહામંત્રીઓને રાજયના ચાર મુખ્ય મહાનગરો ના પ્રભારી બનાવવામાં આવ્યા છે. ચારેય મહામંત્રી અલગ અલગ ઝોનના તો પ્રભારી છે જ સાથો સાથ તેઓને મહાનગરોના પ્રભારી ની સવિશેષ પ્રભારીની જવાબદારી સોંપવામાં આવી છે. તો બીજી તરફ સૌથી મોટી વાત એ પણ છે કે કારોબારી સભ્ય હોય તેવા આગેવાનોને પણ શહેર કે જિલ્લાના પ્રભારી બનાવાયા છે. રાજકોટ શહેરના ચાર આગેવાનો જુના જોગીઓને પ્રભારી તરીકેની મોટી જવાબદારી સોંપવામાં આવી છે. જેમાં કશ્યપ શુકલને અમદાવાદ જિલ્લાના પ્રભારી બનાવાયા છે જયારે ધનસુખ ભંડેરીને જામનગર શહેરના પ્રભારી બનાવવામાં આવ્યા છે. તો બીજી તરફ અરવિંદભાઈ રૈયાણીને જુનાગઢ જિલ્લાના પ્રભારી તેમજ કમલેશ મીરાણીને ભાવનગર શહેરના પ્રભારી તરીકે નિયુકત કર્યા છે.



પ્રદેશ મહામંત્રી પાસે આખા ઝોનની જવાબદારી હોય છે. જે તે ઝોનના આવતા તમામ જિલ્લાનો હવાલો તેઓની પાસે હોય છે. પરંતુ રાજયના ચાર મુખ્ય મહાનગરમાં પ્રદેશ મહામંત્રીને પ્રભારી તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. કાર્યકરોમાં થતી ચર્ચા અનુસાર મહામંત્રીઓની સત્તામાં આડકતરી રીતે કાપ મુકવામાં આવ્યો છે. આ ઉપરાંત મહાનગરોમાં ચાલતા જુથવાદને સંપૂર્ણ પણે ડામી દેવા આ મોટુ પગલુ પણ મનાઈ રહ્યુ છે. તો બીજી તરફ સુરત સંઘવીના વિસ્તારમાં પ્રદેશ મહામંત્રી ડો. પ્રશાંત કોરાટને મુકી પાટીલ જુથનો સફાયો કર્યો છે. હિતેન્દ્રસિંહ ચૌહાણને વડોદરા શહેરના, અજય બ્રહ્મભટ્ટ ને અમદાવાદ શહેર ના, અને ધારાસભ્ય , મહામંત્રી અનિરૂધ્ધ દવેને રાજકોટ શહેરના પ્રભારી તરીકે નિયુકત કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત રાજેશ દેસાઈને ડાંગ જિલ્લાના, વિનયભાઈ શુકલ ને વલસાડ જિલ્લાના, શંકરભાઈ અમલીયાર ને નવસારી જિલ્લાના, ગૌતમ ગેડીયાને સુરત જિલ્લાના, ડો. જગદીશ પટેલ ને તાપી જિલ્લાના, પરાક્રમસિંહ જાડેજાને ભરૂચ જિલ્લાના, અર્જુન ચૌધરીને નર્મદા જિલ્લાના, ડો. ઋત્વીજ પટેલને વડોદરા જિલ્લાના, હેમંતભાઈ પડશાળા ને છોટા ઉદેપુર જિલ્લાના, હર્ષદ વસાવાને પંચમહાલ જિલ્લાના, નીતિનભાઈ પટેલને મહેસાણા જિલ્લાના, રાજેન્દ્ર પટેલને દાહોદ જિલ્લાના પ્રભારી તરીકે નિયુકત કરાયા છે.

જયારે વર્ષાબેન દોશી ને આણંદ જિલ્લાના , રમેશભાઈ દેસાઈને ખેડા જિલ્લાના, નિરવ અમીનને ગાંધીનગર શહેરના , રમેશભાઈ સોલંકીને ગાંધીનગર જિલ્લાના, બ્રિજરાજસિંહ ઝાલાને સાબરકાંઠા જિલ્લાના, ડો. સંજય દેસાઈને અરવલ્લી જિલ્લાના, ડો. ભરત ડાંગર ને મહેસાણા જિલ્લાના, સત્યેન કુલાબધર ને પાટણ જિલ્લાના, ધવલભાઈ દવે ને બનાસકાંઠા જિલ્લાના, વિશાલ ભાળ પટેલને વાવ થરાદ જિલ્લાના, ફલજીભાઈ ચૌધરીને કચ્છ જિલ્લાના પ્રભારી તરીકે નિયુકત કર્યા છે. દિલીપભાઈ બારડની જામનગર જિલ્લાના, ભરત આર્યને રાજકોટ જિલ્લાના, ગજેન્દ્ર સકસેનાને મોરબી જિલ્લાના, જિગ્નાબેન પંડયા ને જુનાગઢ શહેર ના, ભાવનાબેન હીરપરા ને ગીર સોમનાથ જિલ્લાના, ડો. વિમલ કગથરાને પોરબંદર જિલ્લાના, અભયસિંહ ચૌહાણને અમરેલી જિલ્લાના, હર્ષદગીરી ગોસાઈને ભાવનગર જિલ્લાના, દશરથજી ઠાકોરને બોટાદ જિલ્લાના અને રાજેશ શુકલ ને સુરેન્દ્રનગર જિલ્લાના પ્રભારી તરીકે નિયુકત કરવામાં આવ્યા છે.

ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા અલગ અલગ ૭ મોરચાના પ્રભારીની નિયુકિત કરવામાં આવી છે. જેમાં યુવા મોરચાના પ્રભારી તરીકે કિરીટ ભાઈ પટેલ , મહિલા મોરચાના પ્રભારી તરીકે શબ્દચરણભાઈ બ્રહ્મભટ્ટ , ઓબીસી મોરચાના પ્રભારી તરીકે નટુજી ઠાકોર, એસસી મોરચાના પ્રભારી તરીકે હિતેશભાઈ પટેલ, એસટી મોરચાના પ્રભારી તરીકે ગીતાબેન રાઠવા, કિસાન મોરચાના પ્રભારી તરીકે ભરતભાઈ પંડયા અને લઘુમતિ મોરચાના પ્રભારી તરીકે રસીકભાઈ પ્રજાપતિની નિયુકિત કરાઈ છે.

# મધ્ય પૂર્વ માં યુદ્ધ વચ્ચે લાખો ભારતીયો ખાડી દેશોમાં ફસાયા: આઈએમએ એ જાહેર કર્યા હેલ્પલાઈન નંબર

પ્રતિનિધિ,ગાંધીનગર

અમેરીકા ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધ ની અસર ઘણા ખાડી દેશો પર પડી રહી છે. કુવૈત, ઓમાન, સાઉદી અરેબીયા, બહેરીન અને સંયુકત આરબ અમી રાત ની પરીસ્થિતિ પર અસર પડી છે. લાખો ભારતીય નાગરીકો આ દેશોમાં ફસાયેલા છે. જેમાં ઈન્ડીયન મેડીકલ એસોસીએશનના કેટલાક સભ્યોનો પણ સમાવેશ થાય છે.



મીડીયા રીપોર્ટ અનુસાર પશ્ચિમ એશિયામાં આશરે ૯૬ લાખ ભારતીય નાગરીકો રહે છે. જે ચાલી રહેલા લશ્કરી સંઘર્ષ થી કોઈ ને કોઈ રીતે પ્રભાવીત થયા છે. ઈન્ડીયન મેડીકલ એસોસીએશને જણાવ્યુ હતુ કે તે આ મુશ્કેલ સમયમાં અસરગ્રસ્ત લોકોની સાથે છે. જરૂરીયાત મંદ લોકો સંબંધીત દેશોમાં ભારતીય દુતાવાસો દ્વારા જાહેર કરાયેલા ઈમરજન્સી હેલ્પલાઈન નંબરોનો સંપર્ક કરી શકે છે. વધુમાં આઈએમએ સભ્યો સહાય માટે માનદ નાણાં સચિવ ડો. પીયુષ જૈનનો સંપર્ક કરી શકે છે. આઈએમએ એ દરેકને શાંત રહેવા અને શકય તેટલા વધુ લોકો સુધી આ સંદેશ પહોચાડવા અપીલ કરી છે જેથી જરૂરીયાત મંદોને સમયસર સહાય મળી શકે,

ભારતીય દુતાવાસ માટે ઈમરજન્સી સંપર્ક નંબરો જાહેર કરાયા કુવૈત- ફોન નંબર : ૯૬૫-૬૫૧૦૧૯૪૬, ઓમાન ફોન નંબર ૯૬૮-૯૮૨૮૨૨૭૦, સાઉદી અરેબીયા ફોન નંબર ૦૦-૯૬૬-૧૧-૪૮૮૪૬૯૭, ૦૦-૯૬૬-૫૪૨૧૨૬૭૪૮, ૮૦૦૨૪૭૧૨૩૪ (ટોલ ફ્રી,ફકત વોટસએપ), બહેરીન ફોન નંબર ૦૦૯૭૩-૩૯૪૧૮૦૭૧, સંયુકત આરબ અમીરાત ફોન નંબર ૮૦૦-૪૬૩૪૨ (ટોલ ફ્રી ) ૯૭૧૫૪ ૩૦૯૦૫૭૧.

ઈરાન, ઈઝરાયેલ અને યુનાઈટેડ સ્ટેટસ વચ્ચે વધતા તણાવની અસર હવે ભારતીય નાગરીકો પર સ્પષ્ટપણે દેખાઈ રહી છે. પશ્ચિમ એશિયામાં આશરે ૯૬ લાખ ભારતીય નાગરીકો રહે છે અને તેઓ ચાલી રહેલા લશ્કરી સંઘર્ષ થી કોઈને કોઈ રીતે પ્રભાવીત થયા છે. આમા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ , પ્રવાસીઓ અને ગલ્ફ દેશોમાં કામ કરતા સ્થળાંતર કરનારાઓનો સમાવેશ થાય છે. વર્તમાન પરીસ્થિતિને જોતા વિદ્યાર્થીઓ ખાસ કરીને સંવેદનશીલ છે, તેઓ સતત ભયમાં જીવે છે. ભારતમાં તેમના પરીવારો પણ આ અંગે ચિંતિત છે. આમાથી આશરે ૪૦ લાખ ભારતીયો યુએઈ માં સ્થાયી થયા છે. મોટી સંખ્યામાં ભારતીયો સાઉદી અરેબીયા, કતાર, ઓમાન અને કુવૈત જેવા દેશોમાં પણ કામ કરે છે. વર્તમાન કટોકટીએ આ દેશોમાં રહેતા ભારતીયોની સલામતી અંગે ચિંતાઓ વધી ગઈ છે. જો કે ભારત સરકાર આ દેશોના અધિકારીઓ સાથે સંપર્કમાં છે. તેમણે ભારતીયોને ખાત્રી આપી છે કે પરીસ્થિતિ સુધરતા જ તેમને સ્થળાંતર કરવામાં આવશે.

# વિધર્મી સલામને હિન્દુ યુવતિને પ્રેમજાળમાં ફસાવી: વકીલનો ડ્રેસ પહેરાવી લગ્ન કરવા પહોચ્યો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



અમદાવાદમાં ફરી એકવાર લવ જેહાદના કિસ્સાને લઈને માહોલ ગરમાયો છે. જિલ્લા રજીસ્ટ્રાર ઓફીસમાં આજે મંગળવારે હિન્દુ યુવતિના લઘુમતિ યુવાન સાથે લગ્ન પ્રક્રિયાને લઈ ને હોબાળો થયો હતો. હિન્દુ સંગઠનોનો દાવો હતો કે લવ જેહાદના કિસ્સામાં બંધ બારણે લગ્નના પ્રયાસો થઈ રહ્યા છે. આ મામલે પોલીસ સ્ટેશનમાં રજુઆત કરાશે, લવ જેહાદમાં યુવક સલમાન મનસુરી કઠવાડાનો રહેવાસી છે. આ કેસમાં એમ એમ સૈયદ મુસ્લીમ હોવાથી લગ્ન કરાવે છે, દિકરીના માતા પિતાને કોઈપણ વાતની જાણ કરવામાં આવી નથી, લગ્ન માટે યુવક યુવતિ વકીલના વેશ માં આવ્યાનો પણ દાવો કરવામાં આવ્યો છે.

આજે મંગળવારે અમદાવાદ શહેરના ઘી કાંટા વિસ્તારમાં આવેલી જિલ્લા રજીસ્ટ્રાર ઓફીસમાં આ હોબાળો થયો હતો. લવ જેહાદના આ કિસ્સામાં મુસ્લીમ યુવક અને હિન્દુ યુવતિ પ્રેમ લગ્ન કરવા માટે પહોચતા જ હિન્દુ સંગઠનોએ ત્યાં પહોચીને ભારે વિરોધ પ્રદર્શન કર્યુ હતું. આ ઘટનાને પગલે કોર્ટ પરીસરમાં ઉત્તેજનાભર્યો માહોલ જોવા મળ્યો હતો. વિરોધ કરી રહેલા પરીવારજનો અને સંગઠનોએ ગંભીર આક્ષેપ કર્યો હતો કે રજીસ્ટ્રાર ઓફીસમાં બંધ બારણે સેટીંગ ગોઠવીને આ પ્રક્રિયા કરવામાં આવી રહી હતી. યુવતિને પ્રેમજાળમાં ફસાવી હોવાનો આરોપ પણ લગાવાયો છે. હિન્દુ સંગઠનો દ્વારા લવ જેદાહનો આરોપ લગાવાઈ રહ્યો છે. લગ્ન કરવા આવેલી યુવતિ વકીલના ડ્રેસમાં સજજ થઈને આવી હતી. જે ને જોઈને ત્યાં હાજર અન્ય વકીલોમાં પણ ભારે રોષ જોવા મળ્યો હતો. યુવતિએ નરોડાના સલમાન મનસુરી નામના યુવક સાથે કોર્ટ મેરેજ કરવા પહોચી હતી. યુવતિના પરીવારજનો અને હિન્દુ સંગઠનોએ આને લવ જેદાહ ગણાવીને વિરોધ નોંધાવ્યો હતો. ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને મામલો થાળે પાડવાનો પ્રયાસ કર્યો હતો.

# મનીષ દોશીએ નિલેશ કુંભાણીને લીધા આડે હાથ: અરીસા સામે જોઈ લેવુ

પ્રતિનિધિ,ગાંધીનગર

સુરતના રાજકારણમાં ફરી એકવાર ગરમાવો આવ્યો છે. કોંગ્રેસના કાર્યકર નિલેશ કુંભાણી અને ભાજપના પ્રદેશ પૂર્વ પ્રમુખ સી આર પાટીલ વચ્ચે થયેલી મુલાકાત બાદ રાજકીય ચર્ચાઓ તેજ બની છે. આ મુદ્દે મનીષ દોશીએ કડક પ્રતિક્રિયા આપતા કુંભાણી પર ગંભીર આક્ષેપો કર્યા છે. કુંભાણી સ્પષ્ટતા કેમ નથી કરતા.



કોંગ્રેસના મુખ્ય પ્રવકતા મનિષ દોશીએ પ્રેસ કોન્ફરન્સ યોજી જણાવ્યુ હતુ કે કોંગ્રેસ સાથે ગદારી કરનાર વ્યકિતએ હવે પક્ષને સર્ટીફીકેટ આપવાનુ બંધ કરવુ જોઈએ. તેમણે આક્ષેપ કર્યો હતો કે નિલેશ કુંભાણી ભાજપની સ્ક્રિપ્ટ પર કામ કરી રહ્યા છે. મનિષ દોશીએ સવાલ કર્યો હતો કે લોકસભા ચુંટણી દરમિયાન થયેલી સોદાબાજી અંગે કુંભાણી સ્પષ્ટતા કેમ નથી કરતા ?

ઉલ્લેખનીય છે કે ૨૦૨૪ ની લોકસભા ચુંટણી દરમિયાન નિલેશ કુંભાણી સુરત બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતર્યા હતા. પરંતુ બાદમાં તેમણે ઉમેદવારી ફોર્મ પરત ખેંચી લીધુ હતુ, તેમના આ નિર્ણય બાદ બેઠક ભાજપને બિનહરીફ મળી હતી. જેને લઈને તે સમયે પણ ભારે વિવાદ થયો હતો.

તો બીજી તરફ કુંભાણીએ પોતાના બચાવ કરતા જણાવ્યુ હતુ કે ૨૦૧૭ માં તેમની ટીકીટ કાપવામાં આવી હતી, જયારે તેઓ જીતવાની મજબુત સ્થિતિમાં હતા, તેમના મત મુજબ તે સમયે તેમની સાથે ગદારી થઈ હતી, હાલ બંને પક્ષો વચ્ચે આરોપ પ્રત્યારોપનો દોર ચાલુ છે જેના કારણે રાજયના રાજકારણમાં નવી ચર્ચા જગાવી છે.

# સાયબર ગુલામીમાં યુવાનોને ધકેલનારા ચાર સામે ગુનો નોંધાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ચાઈનીઝ સાયબર માફિયા સાથે ભેગા મળી બેંગકોક, મ્યાનમાર તથા કંબોડિયા જેવા દેશોમાં ભારતમાંથી યુવાનોને સાયબર ઠગાઈના દળદળમાં નાખનારા ચાર આરોપી સામે ગુનો નોંધી તે પૈકીના બે આરોપીને સાયબર સેન્ટર ઓફ એક્સલન્સની ટીમે ઝડપી લીધા છે. બેંગકોક, મ્યાનમાર તથા કંબોડિયા જેવા દેશોમાં ચાલી રહેલા સાયબર ઠગાઈના કોલ સેન્ટરોમાં ગુજરાતીઓને વિદેશમાં નોકરીની લાલચ આપી આરોપીઓ તેમને સાયબર ગુલામીમાં ધકેલી દેતા હતા.

સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સના એસ.પી. રાજદીપસિંહ ઝાલાની ટીમને I-4C દ્વારા માહિતી આપવામાં આવી હતી. આ માહિતીનું ટેકનિકલ એનાલિસિસ કરતા હકીકત ખૂલી કે ગુજરાતના કુલ છ વ્યક્તિ, જેમાંથી ચાર શખ્સો તેમના એજન્ટ સાથે મળી, વિદેશમાં ઊંચા પગારની નોકરીની લાલચ આપી લોકોને થાઈલેન્ડ, મ્યાનમાર, કંબોડિયા તથા લાઓસ જેવા દેશોમાં મોકલતા હતા. ત્યારબાદ ત્યાં પહોંચેલા લોકોને બંધક બનાવી તેમના પાસપોર્ટ સહિતના દસ્તાવેજો છીનવી લેવામાં આવતા અને પછી તેમને મ્યાનમારના સરહદી વિસ્તારમાં લઈ જવામાં આવતા. ત્યાં ચાઈનીઝ સાયબર માફિયા દ્વારા નોકરીની લાલચે આવેલા યુવકોને સાયબર ઠગાઈના કોલ સેન્ટરોમાં ધકેલી દેવામાં આવતા. અહીં વિવિધ મોડસ ઓપરેન્ડી દ્વારા સાયબર ઠગાઈ કેવી રીતે આચરવી તેની ટેકનિક શીખવવામાં આવતી અને તેના બદલામાં તેમને પગાર પણ ચૂકવવામાં આવતો હતો.